પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૧૯૨, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૯-૦૪-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 192 PRICE :-RS. 1.50 DATE : 09-04-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ઉત્તર પ્રદેશઃ બિજનૌરની ફટાકડાં ફેક્ટરીમાં બ્લાસ્ટ, ૫ના મોત, ૪ ગંભીર

ન્યુ દિલ્હી,

ઉત્તર પ્રદેશમાં બિજનૌર જિલ્લાના બકશીવાલા વિસ્તારમાં ફટકડાંની ફેકટરીમાં ગુરુવારે અચાનક બ્લાસ્ટ થયો હતો. ઘટના દરમિયાન ફેક્ટરીમાં કામ કરતાં ૫ લોકોના મોત થયા હતા. જ્યારે ૪ની હાલત ગંભીર છે. ઘાયલોની બિજનૌર જિલ્લા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

ફેક્ટરીમાં બ્લાસ્ટ બપોરે અંદાજે ૧ વાગે થયો હતો. ત્યારે ત્યાં ૯ લોકો કામ કરતા હતા. શંકા છે



કે, દારૂગોળામાં આગ લાગવાના કારણે બ્લાસ્ટ થયો હતો. હાલ પોલીસ અને પ્રશાસન સમગ્ર ઘટનાની તપાસ કરી રહી છે.

માનવામાં આવે છે કે, ફટાકડાં ફેક્ટરી કોલોનીની વચ્ચે આવેલી છે. બખ્શીવાલા વિસ્તારમાં બુખારા ગામમાં રહેતા યુસુફે એક મકાન ભાડે રાખ્યું હતું. તેમાંજ ફટાકડાં બનાવવાનું કારખાનું ચાલતું હતું. બ્લાસ્ટના કારણે મકાનનો એક હિસ્સો તૂટી ગયો છે. આજુબાજુના લોકો જ્યારે ઘટના સ્થળે પહોંચ્યા ત્યારે જોયું કે તેમાં ૫ લોકોના મૃત્યુ થયા છે. જ્યારે ૪ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

લોકોએ જણાવ્યું, મકાનની અંદર ૯ મજૂરો ફટાકડાં બનાવતા હતા. આ દરમિયાન મકાનને બહારથી તાળુ મારવામાં આવ્યું હતું. આ સંજોગોમાં શંકા છે કે, ફેક્ટરી ગેરકાયદેસર ચલાવવામાં આવતી હતી. બીજી બાજુ બ્લાસ્ટની માહિતી મળતાં બિજનૌરના SP ડૉ. ધર્મવીર સિંહ પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. તેમણે જણાવ્યું કે, ફેક્ટરીના માલિક યુસુફની ધરપકડ કરી લેવામાં આવી છે. તેણે ફેક્ટરીનું લાઈસન્સ હોવાની વાત કહી છે.

દુર્ઘટનાની માહિતી પછી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મૃતકોના પરિવાર પ્રત્યે સંવેદના દાખવી છે. તે સાથે જ સીનિયર ઓફિસરને પીડિતોને દરેક શક્ય મદદ કરવા કહ્યું છે. તેમણે આ સમગ્ર ઘટના વિશે ઢૂસ અને જીં પાસેથી રિપોર્ટ માંગ્યો છે.

## દેશમાં કોરોનાના સર્વાધિક ૧.૨૬ લાખથી વધુ નવા કેસ, ૬૮૫ લોકોના મોત

ન્યુ દિલ્હી,

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧.૨૬ લાખથી વધુ નવા કેસ સામે આવ્યા છે. આ દેશમાં કોરોના મહામારી ફેલાવાની શરૂઆત થયા બાદથી અત્યાર સુધીના સૌથી વધુ એક દિવસમાં આવનાર કેસ છે. દેશમાં હાલમાં કુલ પૉઝિટીવ કેસોની સંખ્યા ૧,૨૯,૨૮,૫૭૪ થઈ ગઈ છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ હાલના અમુક દિવસોમાં આ ત્રીજી વાર થયુ છે જ્યારે કોરોના વાયરસના એક દિવસમાં એક લાખથી વધુ કેસ સામે આવ્યા છે. મંત્રાલય દ્વારા ગુરુવારે(૮ એપ્રિલ) સવારે આઠ



વાગ્યા સુધીના આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૧,૨૬,૭૮૯ નવા કેસ મળ્યા છે અને ૬૮૫ લોકોના મોત થયા છે. કોરોના મહામારીથી દેશમાં અત્યાર સુધી ૧,૬૬,૮૬૨ લોકોના મોત થઈ ગયા છે.


દેશમાં હાલમાં સક્રિય કેસોની કુલ સંખ્યા ૯,૧૦,૩૧૯ છે અને ડિસ્ચાર્જ થયેલા કેસોની કુલ સંખ્યા ૧,૧૮,૫૧,૩૯૩ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૫૯,૨૫૮ લોકો રિકવર થયા છે. દેશમાં અત્યાર સુધી ૯,૦૧,૯૮,૬૭૩ લોકોને કોરોના વાયરસની વેક્સીન લગાવવામાં આવી છે. દેશમાં સતત ૨૯માં દિવસે કોરોના સંક્રમણના કેસોમાં વધારો જોવા મળ્યો છે. દેશમાં કોરોનાનો ઈલાજ કરાવી રહેલા દર્દીઓની સરખામણીમાં જો કુલ કેસો સાથે કરવામાં આવે તો એ ૬.૫૯ ટકા છે.

દેશમાં કોરોનાનો ઈલાજ કરાવી રહેલા સક્રિય દર્દીઓની સંખ્યા ૧૨ ફેબ્રુઆરીના રોજ સૌથી ઓછી હતી. ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ દેશમાં આ સંખ્યા ૧,૩૫,૯૨૬ હતી કે જે સંક્રમણના કુલ કેસોના ૧.૨૫ ટકા હતી. કોરોનાની બીજી લહેરમાં લોકોનો રિકવરી રેટ પણ ઘટીને ૯૨.૧૧ ટકા થઈ ગયો છે. દેશમાં ડેથ રેટ પણ ૧.૩૦ ટકા થઈ ગયો છે. દેશમાં કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત મહારાષ્ટ્ર છે. ત્યારબાદ તમિલનાડુ, કર્ણાટક, પંજાબ, દિલ્લી, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, આંધ્ર પ્રદેશમાં કેસોની સંખ્યા વધી રહી છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યુ કે અત્યાર સુધી જે લોકોના કોવિડથી મોત થયા છે તેમાંથી ૭૦ ટકાથી વધુને કોઈ અન્ય બિમારીઓ હતી.

## સરકારમાં કોરોના, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ, બે ધારાસભ્ય અને ભાજપના નેતા આઈ.કે. જાડેજા સંક્રમિત

ગાંધીનગર,

ગુજરાતમાં કોરોના કહેર બનીને વર્તાઈ રહ્યો છે. રાજ્યમાં ગઈકાલે રેકોર્ડબ્રેક કેસો નોંધાયા હતા. રાજ્યમાં મંત્રીઓ તથા ધારાસભ્યો કોરોના સંક્રમિત આવી રહ્યા હતા. હવે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને ભાજપના નેતા આઈ.કે.જાડેજાને પણ કોરોના પોઝિટિવ આવ્યો છે. તબીબી સલાહ પ્રમાણે, તેમને હાલ અમદાવાદ ખાતેની યુ.એન.મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એ ઉપરાંત IAS પંકજ કુમાર અને તેમનો પરિવાર પણ કોરોનાની ઝપેટમાં આવ્યો છે. તેઓ પણ યુ.એન.મહેતા હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થયાં છે. ગુજરાતના વધુ એક કેન્દ્રિય મંત્રી અને બે ધારાસભ્યો કોરોના સંક્રમિત બન્યા છે. રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાં



કોરોના સંક્રમિત બન્યા છે અને તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ સિવાય રાજ્ય સરકારના વધુ એક મંત્રી કોરોના પોઝિટિવ આવતા ફફડાટ ફેલાયો છે.

ગુજરાતના વધુ એક મંત્રીમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને બે ધારાસભ્યમાં વડોદરાના મનીષા વકીલ અને સંતરામપુરના MLA કુબેર ડિંડોરને કોરોના સંક્રમિત બન્યો છે. ભાજપના નેતા આઈ.કે.જાડેજાનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સચિવાલયમાં મહેસૂલ અને ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ – ACS પંકજ કુમાર, ઉદ્યોગ ભવનમાં MSME કમિશનર એમ બે IAS ઓફિસરોને કોરોના થયો છે. તદ્‌ઉપરાંત બુધવારે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના કાર્યાલયમાંથી વધુ ચાર કર્મચારી ચેપગ્રસ્ત હોવાનું જાહેર થયુ હતુ.

વિધાનસભાના બજેટ સત્રને કારણે અગાઉ પાંચ મંત્રીઓ સહિત ૨૦થી વધુ MLA, સરકારમાં મહત્વના વિભાગના ડેપ્યુટી સેક્રેટરીઓ સહિત ૨૫૬થી વધુ અધિકારી- કર્મચારીઓ કોવિડ-૧૯ની ઝપટે ચઢયા છે. લોકડાઉન અમલમાં આવ્યુ ત્યારથી અમદાવાદમાં ૧૨૦૦ બેડની કોવિડ-૧૯ હોસ્પિટલની તૈયારી અને સારવારની વ્યવસ્થાઓ માટે ACS પંકજ કુમાર એક વર્ષમાં સિવિલ હોસ્પિટલમાં અનેક બેઠકો યોજી ચૂક્યા છે. લોકડાઉન વેળાએ પણ તેઓ ત્યાં જ હતા. છતાંય ચેપમુક્ત રહ્યા. જો કે, વિધાનસભામાં થયેલા કોરોના વિસ્ફોટની શૃખંલામાં હવે તેઓ પણ પોઝિટીવ આવ્યાનું સચિવાલયમાં કહેવાય છે. પંકજકુમાર ઉપરાંત તેમના પત્નીને પણ કોરોના થયો છે.

ઉદ્યોગ ભવનમાં પણ કમિશનર રણજીત કુમાર અને તેમના અંગત મદદનીશ સહિત અનેક અધિકારીઓને ચેપ લાગ્યો છે. મુખ્યમંત્રી કાર્યાલયમાં પીઆરઓ, નાયબ મુખ્યમંત્રીને ત્યાં એક સેવક સહિત બે કમાન્ડોને કોરોના થયો છે. સચિવાલયમાં રોજેરોજ થતા ટેસ્ટ ડ્રાઈવમા બુધવારે વધુ ૨૭ને ચેપ લાગ્યો છે. મંત્રીમંડળની સલામતીમાં રહેલા ૨૧ જેટલા કમાન્ડો પણ કોરોનાગ્રસ્ત હોવાનું જાણવા મળ્યુ છે.

## ગુજરાતની કફોડી સ્થિતિ છતા રૂપાણી સરકાર ચૂંટણી મુદ્દે અડીયલ


ગાંધીનગર,

ગુજરાત સહિત ચાર મહાનગરોમાં જે પ્રકારે કોરોનાની સ્થિતી વકરી રહી છે તેના કારણે નાગરિકોની સ્થિતી ખુબ જ કફોડી બની છે. નાગરિકો સરકારી તંત્રથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ન તો યોગ્ય રીતે ટેસ્ટિંગ થઈ રહ્યા છે, ન તો યોગ્ય રીતે સારવાર મળી રહી છે અને ન તો મર્યા પછી યોગ્ય પ્રકારે અંતિમ સંસ્કાર. તમામ જગ્યાએ લાઈનો અને અરાજકતા વ્યાપી છે. તેવામાં સરકારી તંત્ર સામે નાગરિકોમાં ખુબ જ રોષ જોવા મળી રહ્યો છે.

જો કે બીજી તરફ સરકાર પણ બેશરમીની તમામ હદો પાર કરી રહી હોય તે પ્રકારે સરકારના મંત્રીઓ પોતાના મત વિસ્તારનાં નાગરિકોની ખોજ ખબર લેવાના બદલે ગાંધીનગરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને મોરડવા હડફની પેટા ચૂંટણીમાં વ્યસ્ત છે. અલગ અલગ સ્થળો પર પ્રચાર પ્રસાર કરી રહ્યા છે. લોકોને સોશિયલ ડિસ્ટન્સિંગ અને કોરોના ગાઈડ લાઈનની સુફિયાણી સલાહો આપનારા ભાજપનાં નેતાઓ પ્રચાર વખતે તમામ નિયમો ભુલીને રેલીઓ અને સભાઓ યોજી રહ્યા છે. જેના કારણે નાગરિકોમાં ખુબ જ રોષ વ્યાપી રહ્યો છે.

તેવામાં શું આવા સમયે યોજવી યોગ્ય છે? શું સરકાર કે તંત્ર કોઈને પણ આ સ્થિતી વિશે ભાન નથી. એક તરફ વર્ષોથી લટકેલી પરીક્ષાઓ માંડ માંડ પાટે ચડી પરંતુ તેને કોરોનાને નામે રદ્દ કરનારી સરકાર શું ચૂંટણી રદ્દ નથી કરી શકતી. શું ચૂંટણી પંચને ચૂંટણી રદ્દ કરવા માટેની અપીલ નથી કરી શકતી કે પછી સરકારની મંશા જ ચૂંટણી રદ્દ કરવા અંગેની નથી.

## લોકડાઉનના ભણકારાઃ દિલ્હી-પુણેથી મોટી સંખ્યામાં પ્રવાસી મજૂરોની હિજરત



ન્યુ દિલ્હી,

ભારત ફરી એક વખત ગયા વર્ષની માફક કોરોના વાયરસ સંકટના એ જ સમયમાં ફરી પ્રવેશતું જણાઈ રહ્યું છે. એક તરફ કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે અને શહેરોમાં ફરી લોકડાઉન લાગુ કરવામાં આવશે તેવો ડર વ્યાપી રહ્યો છે. ત્યારે આ બધા વચ્ચે પ્રવાસી મજૂરો પોતાના ઘરે પાછા જઈ રહ્યા હોવાના સમાચાર પણ સામે આવી રહ્યા છે. સતત વધી રહેલા પ્રતિબંધો વચ્ચે લોકડાઉનના ભણકારા વાગી રહ્યા છે. દિલ્હી, પુણે સહિત અન્ય વિસ્તારના પ્રવાસી મજૂરો પોતાના ઘરે પાછા જવા લાગ્યા છે.

દિલ્હીના આનંદ વિહાર ટર્મિનલ પર મોટી સંખ્યામાં પ્રવાસી મજૂરો પોતાના ઘરે પરત ફરતા જોવા મળી રહ્યા છે. બિહારના કેટલાક મજૂરોએ જણાવ્યું કે, પાછલી વખતે લોકડાઉનમાં તેઓ દિલ્હીમાં ફસાઈ ગયા હતા પરંતુ આ વખતે તેમ ન બને તે માટે તેઓ પહેલેથી જ પોતાના ઘરે જઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, કોરોના સંકટના કારણે દિલ્હીમાં નાઈટ કર્ફ્યુ લાગુ કરી દેવામાં આવ્યું છે. તે સિવાય પણ અન્ય કેટલાય પ્રતિબંધો મુકવામાં આવેલા છે. તેમ છતા કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે જેથી પ્રવાસી મજૂરોને લોકડાઉનનો ભય સતાવી રહ્યો છે.

## મફતના સરકારી ૬૦૦૦ લેનારા બોગસ ખેડૂતો પાસેથી પાઈ પાઈ વસૂલાશે

ન્યુ દિલ્હી,

સમગ્ર દેશના ખેડૂતો પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના આઠમા હપ્તાની રાહ જોઈ રહ્યા છે. કેન્દ્ર સરકાર પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત દર વર્ષે યોગ્ય લાભાર્થી ખેડૂતોના ખાતામાં ૬,૦૦૦ રૂપિયા મોકલે છે. ખેડૂતોને આ રકમ ૩ હપ્તામાં મળે છે. સરકાર જરૂરિયાતવાળા ખેડૂતોને આ યોજનાનો લાભ મળે તે માટે પ્રયત્ન કરી રહી છે.

પરંતુ જરૂરિયાત ધરાવતા ખેડૂતોની સાથે સાથે એવા લોકો પણ ખેડૂતો બની ગયા છે જેમને ખેતી સાથે કોઈ લેવા-દેવા જ નથી. હવે આવા લોકો વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. કિસાન સન્માન નિધિ યોજનામાંથી આવા લોકોના નામ દૂર કરવાની સાથે સાથે તેમને ચુકવવામાં આવેલી રકમની પણ વસૂલાત થઈ રહી છે. સરકારને મોટા પાયે સરકારી કર્મચારીઓ અને સુખી સંપન્ન લોકો પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો લાભ ઉઠાવી રહ્યા હોવાની ફરિયાદ મળી છે. ઉપરાંત આવકવેરો ભરતા ખેડૂતો પણ આ યોજનાનો લાભ લઈ રહ્યા છે જે આ યોજનાના ક્ષેત્રમાં નથી આવતા.

નિયમ પ્રમાણે આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂતના નામે ખેતર હોવું જરૂરી છે. જો જમીન દાદા-પિતાના નામે હશે તો લાભ નહીં મળે. કાર્યરત સરકારી કર્મચારી કે રિટાયર્ડ કર્મચારી આ યોજનાનો લાભ ન લઈ શકે. ઉપરાંત રજિસ્ટર્ડ ડોક્ટર્સ, એન્જિનિયર્સ, વકીલો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને વાસ્તુકારો અને તેમના પરિવારના સદસ્ય પણ આ યોજનાનો લાભ ન લઈ શકે. જો રજિસ્ટર્ડ ખેતી યોગ્ય જમીન પર ખેડૂત બીજું કોઈ કામ કરતો હોય તો પણ યોજનાનો લાભ ન લઈ શકે. આ યોજનાનું સંપૂર્ણ ફંડ કેન્દ્ર સરકાર આપે છે અને પ્રત્યેક લાભાર્થીને ૨,૦૦૦ રૂપિયાનો એક એવા ૩ હપ્તા વર્ષ દરમિયાન મળે છે.

### આખરે ડે.સીએમ નીતિન પટેલે સ્વિકાર્યું, રેસડેસિવીર લેવા માટે હોસ્પિટલ હાઉસફુલ

## હા ગુજરાતમાં કોરોના વકર્યો છે... મહાનગરોમાં પરિસ્થિતિ અતિ ગંભીર

અમદાવાદ,

ગુજરાતમાં કોરોના વાયરસના કેસની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે વણસી રહેલી કોરોનાની સ્થિતિ અંગે રાજ્ય સરકારે બેડ વધારવા અંગે મહત્વનો નિર્ણય લીધો છે. આ અંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે, ગુજરાતમાં સતત કોરોનાના કેસો વધી રહ્યાં છે.

અમદાવાદ, સુરત, રાજકોટ, મોરબીમાં સતત સંક્રમણ વધી રહ્યું છે. તેથી મુખ્યમંત્રી રૂપાણીની અધ્યક્ષતામાં આયોજિત કોર મીટીંગમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે, કોર ગ્રુપની બેઠકમાં દરરોજની સ્થિતિની સમીક્ષા



કરવામાં આવી.

અમદાવાદમાં બેડ વધારવા પડે સ્થિતિ ઉભી થઈ છે. મોરબીમાં પણ કોરોનાના દર્દીઓની સંખ્યા વધી છે. તેના પગલે અમદાવાદની જીફઁ હોસ્પિટલની ૫૦૦ કોરોનાના દર્દીઓની કેપેસિટી વધારીને ૧૦૦૦ બેડની કરવામાં આવશે. અન્ય રોગના દર્દીઓને તબક્કાવાર રજા આપવામાં આવશે. અને તે પથારીઓમાં કોરોનાના દર્દીઓ દાખલ કરવામાં આવશે.

રાજ્યમાં કોરોનાનું સંક્રમણ વધ્યુ એટલે ૩ હજારથી વધુ દર્દીઓ આવી રહ્યા છે. અમદાવાદમાં આવેલી મંજુશ્રી હોસ્પિટલમાં આવેલી કોરોનાના બેડની સુવિધા કરવામાં આવી છે. સિવિલ હોસ્પિટલના સુપરિટેન્ડેન્ટ ને તેનું મેનેજમેન્ટ સોંપવામાં આવ્યું છે.

હોસ્પિટલોમાં સતત દર્દીઓની સંખ્યા વધી રહી છે. ત્યારે ધ્યાનમાં આવ્યું છે કે, અનેક લોકો માત્ર રેમડેસિવીરમાટે હોસ્પિટલમાં દાખલ થઈ રહ્યાં છે ત્યારે આ મામલે સરકારે મોટો નિર્ણય લીધો છે કે, માત્ર રેમડેસિવીર માટે દર્દીને હોસ્પિટલમાં દાખલ નહિ થવુ પડે, ઈન્જેકશન લઈને ૨-૩ કલાકમાં ઘરે જઈ શકાશે. કોમ્યુનિટિ હોલમાં નર્સિંગ સ્ટાફના દેખરેખ હેઠળ ઈન્જેકશન અપાશે. જેના બાદ ૨ થી ૩ કલાકમાં ઈન્જેકશન લઈને દર્દીઓ ઘરે જઈ શકશે. જેનાથી હોસ્પિટલમાં બેડ બચશે અને દર્દી ઈન્જેશન લઈને ઘર જતા રહી શકશે. ગઈકાલે ૧૫ લાખ વેકસીનનો જથ્થો કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવ્યો છે. બીજો નવો વધારાનો જથ્થો કેન્દ્ર સરકાર આપે તે માટે સંપર્કમાં છીએ. ૧ રૂપિયામાં ૩ લેયર માસ્ક રાજ્ય સરકાર નાગરિકોને આપશે, જે અમુલ પાર્લર પર મળશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, સુરતની મુલાકાત લઈને રિવ્યુ કર્યો. મેં વડોદરાની પણ મુલાકાત લીધી. રાજકોટની પરિસ્થિતિ પર મુખ્યમંત્રી પોતે ધ્યાન રાખી રહ્યાં છે. જામનગર, મોરબીનો પણ રિવ્યૂ સતત કરી રહ્યાં છી. વામાં આવી

રહ્યો છે. બીજા ફેઝમાં મોટા પ્રમાણમાં દર્દીઓ વધી રહ્યા છે, ત્યારે પથારીઓમાં વધારો કરવાની સ્થિતિ પેદા થઈ છે. અમદાવાદ મ્યુનિ કોર્પોરેશન દ્વારા લેવાયો કે, અમદાવાદમાં મ્યુ સંચાલિત એસવીપી હોસ્પિટલની કુલ કેપેસિટી ૧૦૦૦ બેડની કેપેસિટી હતી. ૫૦૦ કોરોના માટે અને ૫૦૦ અન્ય બીમારીના સારવાર માટે રખાઈ હતી. પરંતુ કોરોનાના દર્દીઓ માટે એસવીપીમાં ૫૦૦ની કેપેસિટી વધારીને ૧૦૦૦ બેડની કરવામાં આવી છે.

## સરકાર ૮૦૦-૯૦૦ રૂપિયામાં રેમડેસિવીર ઉપલબ્ધ કરાવશે

રાજ્યમાં કોરોનાની સ્થિતિ કેટલી વિસ્ફોટક છે તેનો ચિતાર આજે રાજ્ય સરકારે લીધેલા નિર્ણય પરથી મળે છે. અમદાવાદ શહેરમાં કાર્યરત એસવીપી હૉસ્પિટલનાં તમામ ૧૦૦૦ બેડને કોરોનાની સારવાર માટે ફાળવી દેવાની સૂચના આપવામાં આવી છે. અત્યારસુધીમાં કુલ ૫૦૦ બેડમાં જ આ દર્દીઓની સારવાર થઈ રહી હતી. રાજ્યમાં રેમડેસિવીરની અછત વિશે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે ગઈકાલે રાજ્યમાં ૩૫૦૦૦ વાયા સરકાર અને ૩૫૦૦૦ વાયા પ્રાઈવેટ સ્ટોર એમ ૭૦,૦૦૦ ઈન્જેક્શન ઠલવાયા છે. રોજ કંપની સરકારને ૩૫૦૦૦ ઈન્જેક્શનનો સ્ટોક આપશે. સરકાર હૉસ્પિટલોને નહીં નફો નહીં નુકશાનના ધોરણ ૮૦૦-૯૦૦ રૂપિયાના ભાવે ઉપલબ્ધ કરાવશે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બાળવંતભાઈ નવલાભાઈ પટેલ

મુ. રૂવાબારી-ભગત ફળીયું, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

હંસાબેન જેઠાભાઈ પરમાર

મુ. પીપલોદ-માતાના વડ, તા. દે.બારીઆ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# બાલાસિનોરમાં નગરપાલિકા દ્વારા કોરોના ગાઈડ લાઈનનો ભંગ કરતી ૫ દુકાનો સીલ



લુણાવાડા,
કોરોના વાયરસની મહામારી સામે દેશ સહિત રાજય મકકમતાથી લડત આપીને કોરોનોને મહાત આપવા તથા સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટે જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ વહીવટી અને આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાં લેવામાં આવી રહ્યાં છે.

મહીસાગર જિલ્લાના નાગરિકોની આરોગ્ય સુખાકારી જળવાઈ રહે અને તેઓનું સ્વાસ્થ જળવાઈ રહે તે માટે જિલ્લા-તાલુકા વહીવટી-આરોગ્ય તંત્ર સતત તેઓની ફરજો અદા કરી રહ્યું છે.

તદ્અનુસાર બાલાસિનોર નગરપાલિકા વિસ્તારમાં પ્રાંત અધિકારીની રાહબરીમાં બાલાસિનોર નગરપાલિકા ચીફ ઓફિસર અને તેમની ટીમએ મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન આ અધિકારીઓએ નગરપાલિકા વિસ્તારમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન યોગ્ય રીતે કરવામાં આવી રહ્યું છે કે કેમ તેનું નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણ દરમિયાન જે દુકાનદારો પર આ નિયમોનું પાલન કરવામાં આવી રહ્યું ન હોવાનું જણાઈ આવેલ તેવી પાંચ દુકાનો સામે નિયમાનુસારની કાર્યવાહી કરી દુકાનોને સીલ કરવામાં આવી હતી.

આ અધિકારીઓએ મુલાકાત દરમિયાન તમામ નાગરિકોને માસ્ક નું મહત્વ સમજાવવાની સાથે આપણી જિંદગી આપણા હાથમાં સૂત્ર અપનાવીને દવાખાને અથવા અન્ય જરૂરી કામ માટે ઘરની બહાર જઈએ ત્યારે અવશ્ય માસ્ક પહેરીને જ નીકળવા અને જરૂર વગર ઘરની બહાર ન નીકળવા સમજાવવામાં આવ્યા હતા તેમજ બહાર જઈએ ત્યારે જરૂર થી સોશિયલ ડીસ્ટન્સીંગ (બે ગજની દૂરી)નું પાલન કરવા અને વારંવાર સાબુથી હાથ ધોવા/ સેનેટાઈઝ કરવા અંગેની પણ સમજ આપવામાં આવી હતી.

# ખાનપુરના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા ૮૭ જેટલા RTPCR સેમ્પલ લેવાયા



લુણાવાડા,
કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે સાથે સાથે ૪૫ વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકોને કોરોના વિરોધી રસીકરણ હેઠળ આવરી લેવાની હાથ ધરાયેલી ખાસ ઝુંબેશ માટે જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી રાહબરી હેઠળ કોવીડ-૧૯ ગાઈડ લાઈનના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા- તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

આમ છતાં પણ હજુ નાગરિકો તેને ગંભીરતાથી નથી લઈ રહ્યા જેથી નાગરિકોમાં ગંભીરતા આવે અને તેઓમાં જાગૃતિ આવે તેમજ કોરોના વાયરસના સંક્રમણને વધુ ફેલાતો અટકાવી શકાય તે હેતુસર ૭મી એપ્રિલે ખાનપુર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાનપુરના મેડિકલ ઓફિસર અને તેમની આરોગ્ય ટીમ દ્વારા ખાનપુર ની તમામ ૬૭ જેટલા દુકાનદારોના રેપિડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા. જે તમામ નેગેટીવ આવેલ હોય તે તમામના RTPCR સેમ્પલ પણ લેવામાં આવ્યા હતા.

સાથે અર્બન હેલ્થ સેન્ટર લુણાવાડા ની મેડિકલ ટીમ દ્વારા લુણાવાડા નગર ના વિવિધ વિસ્તારોમાં આવેલ કોરોના પોઝીટીવ દર્દીના ઘરના સભ્યોનું કોન્ટેકેટ ટ્રેસિંગ કરી તેઓ ના ૨૦ જેટલા RTPCR સેમ્પલ લેવામાં આવ્યા હતા.

આમ, જિલ્લોના આરોગ્યે તંત્રના તમામ આરોગ્યગ કર્મીઓ જિલ્લામાં કોરોનાના સંક્રમણને ફેલાતો અટકાવવા માટે અવિરતપણે તેઓની ફરજો અદા કરવાની સાથે તમામને સોશિયલ ડિસ્ટોન્સીંતગ, માસ્કઝની ઉપયોગીતા અને સેનેટાઈઝરના ઉપયોગ વિશે તેમજ માસ્કા પહેર્યા વગર ઘરની બહાર ન નીકળવા અને સોશિયલ ડિસ્ટશન્સીંગનુંપાલન કરવા સમજ આપવામાં આવી રહી છે.

# મહીસાગરમાં આજે ૪૨ કેસ પોઝિટિવ : કુલ આંક ૨૩૦૮

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૪ પુરૂષ, કડાણા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૬ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૫ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૬ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૩ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૮-૦૪-૨૦૨૧ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૨૬૭૫ કેસ પોઝીટીવ નોંધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૫ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૩૦૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૧૦ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૯ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૯ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/ કોરોનાના કુલ ૧૫૪૧૨૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૮૫ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૨ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ-લુણાવાડા, ૨૪૮ દર્દી હોમ આઈસોલેશન, ૨૩ દર્દી એસ. ડી.એચ.સંતરામપુર અને ૨૫ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૨૮૬ દર્દીઓ સ્ટેબલ અને ૨૭ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૫ વેન્ટીલેટર પર છે.

# લુણાવાડા પોલીસ મથકના ત્રણ ગુનામાં નાસતા ફરતા આરોપીને ગોધરાના ખાતેથી બી-ડીવીઝન પોલીસે ઝડપ્યો

ગોધરા,
ગોધરા શહેર બી-ડીવીઝન પોલીસ ઈન્સ્પેકટર એચ.એન.પટેલને બાતમી મળી હતી કે, મહિસાગર જિલ્લાના લુણાવાડા પોલીસ મથકે નોંધાયેલા ત્રણ અલગ અલગ ગુનાઓમાં સંડોવાયેલા વોન્ટેડ આરોપી સુફિયાન ઉર્ફે સુર્યો મહેબુબ ઈસ્માઈલવાલા હાલમાં હાફિઝ પ્લોટ ખાતેના પોતાના ઘરે હાજર છે. તેવી બાતમીના આધારે પોલીસ દ્વારા તેના ઘરે જઈ કોર્ડન કરી તેને ઝડપી પાડચો હતો. ગોધરા પોલીસ દ્વારા મહિસાગર જિલ્લાના લુણાવાડા પોલીસ મથકે નોંધાયેલ ત્રણ અલગ અલગ પશુકુરતા નિવારણ અધિનિયમ મુજબના ગુનામાં વોન્ટેડ આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. અને તેને લુણાવાડા પોલીસ મથકે સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

# સંતરામપુર તાલુકાની પાદરી ફળિયા કલસ્ટરની નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
જીસીઆરટી ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર પ્રેરિત બી.આર.સી.ભવન સંતરામપુર આયોજિત તાલુકા કક્ષાના વર્ચ્યુઅલ ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન માં કુલ પાંચ વિભાગ પૈકી ચાર વિભાગમાં નરસિંગપુર પ્રા શાળાએ પ્રથમ નંબર મેળવેલ છે.

જેમાં વિભાગ. ૨ સ્વાસ્થ્ય, આરોગ્ય અને સ્વચ્છતામાં શાળાના શિક્ષક લલીતભાઈ ગરાસીયાના માર્ગદર્શન હેઠળ બાળ વૈજ્ઞાનિક રવિન્દ્ર ખાટ ધોરણ ૮, કાજલ રાવળ ધોરણ ૮ ના સંયુક્ત પ્રયત્નોથી બનાવેલ એર પ્યુરીફાયર અને ઓટો સેનેટાઈઝ મશીન. વિભાગ-૩ આદાન-પ્રદાન થઈ શકે તેવું સોફ્ટવેરમાં શાળાના શિક્ષક રમેશભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ બાળ વૈજ્ઞાનિક અંકુર બામણીયા ધોરણ ૮ આરતી રાવળ ધોરણ ૮ ના સંયુક્ત પ્રયત્નોથી બનાવેલ એજ્યુકેશન સોફ્ટવેર. વિભાગ-૪ ઐતિહાસિક વિકાસમાં શાળાના શિક્ષક સુરેશભાઈ ભાવસારના માર્ગદર્શન હેઠળ કાજલ રાવત ધોરણ ૭ ઘનશ્યામ સંગાડા ધોરણ ૮ ના સંયુક્ત પ્રયત્નોથી બનાવેલ સ્થિર અને ગતિશીલ રમકડાં. તથા વિભાગ. ૫ ગાણિતિક નમૂનાઓમાં શાળાના શિક્ષક રમેશભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ અંકિતા રાવળ ધોરણ ૭ અનામિકા રાવળ ધોરણ ૮ ના સંયુક્ત પ્રયત્નોથી બનાવેલ જાદુઈ એકડા જાદુઈ ચક અને શૈક્ષણિક લુડો કૃતિ તાલુકાના નિર્ણયકોના નિર્ણય અને વર્ચ્યુઅલ પ્રશ્નોત્તરી બાદ પ્રથમ નંબર જાહેર કરવામાં આવેલ. આ શાળાની ચારે કૃતિઓને જિલ્લા કક્ષા માટે પસંદ કરવામાં આવતા બી.આર.સી કો ઓર્ડીનેટર ભરતભાઈ પટેલ, પાદરી ફળિયા સી.આર.સી ના કો-ઓર્ડિનેટર ગુલાબભાઈ ડામોર, પગાર કેન્દ્ર આચાર્ય ઘનશ્યામભાઈ યાદવ, અને નરસિંગપુર પ્રા.શાળાના ઉત્સાહી આચાર્ય લખમણભાઈ ખરાડી એ ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવેલ. સમગ્ર પ્રદર્શનની સફળતા બદલ શાળાના તમામ સ્ટાફે ભારે જહેમત ઉઠાવેલ.

# ૧૨૫ મોરવા હડફ (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી

ગોધરા,
આગામી તા. ૧૭ એપ્રીલના રોજ ૧૨૫ મોરવા હડફ (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી યોજાનાર છે. ચૂંટણીના કામે તમામ મતદારોએ તેમનો મત આપતા પહેલા મતદાર ઓળખપત્ર રજૂ કરવાનું હોય છે. આ સંદર્ભે જે મતદાતા આ ઓળખપત્ર રજૂ ન કરી શકે તેમની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે આ પૈકીના દસ્તાવેજનો ઉપયોગ કરીને પણ તેઓ મતદાન કરી શકશે. જેમાં આધારકાર્ડ, મનરેગા હેઠળ આપવામાં આવતા જોબકાર્ડ, બેન્ક-પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક, શ્રમ મંત્રાલયની યોજના અન્વયે આપવામાં આવેલી હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર અન્વયે આરજીઆઈ દ્વારા આપવામાં આવતા સ્માર્ટ કાર્ડ, ભારતીય પાસપોર્ટ, ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેન્ટ, કેન્દ્ર-રાજ્ય સરકાર-જાહેરક્ષેત્ર ઉપક્રમો- જાહેર લિમિ. કંપનીઓએ કર્મચારીઓને ઈસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો ઉપરાંત સંસદ સભ્યો-ધારાસભ્યો-વિધાન પરિષદના સભ્યોને ઈસ્યુ કરેલા સરકારી ઓળખપત્રોને પણ મતદાન માટે ઓળખ પ્રસ્થાપિત કરવા માટે માન્ય ગણાવામાં આવ્યા છે. પરંતુ વોટર ઈન્ફોર્મેશન સ્લીપને મતદાન સમયે મતદારના ઓળખના પૂરાવા તરીકે માન્ય ગણવામાં આવશે નહીં. પંચમહાલ-ગોધરાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

# લુણાવાડામાં કૃષ્ણાપાર્ક સોસાયટીમાં ૪૫ વર્ષથી વધુ વયના લોકોને કોરોના વેકસીનનું સુરક્ષા કવચ આપવામાં આવ્યું



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
કોરોના વાયરસથી સમગ્ર વિશ્વ પ્રભાવિત થયું છે. કોરોના મહામારીને નાથવા માટે ભારત સરકાર અનેકવિધ પ્રયાસો કરી રહી છે. કોરોના સંક્રમણને અટકાવવા અને માનવજીંદગી બચાવવા કોરોના પ્રતિરોધક વેકસીન આપવામાં આવી રહી છે. ત્યારે મહીસાગર જિલ્લામાં પણ કોવિડ-૧૯ રસીકરણ અભિયાનને વેગ આપતા વિવિધ વિસ્તારોમાં આરોગ્ય ટીમ દ્વારા ૪૫ વર્ષથી વધુ વયના લોકોને કોરોના વેકિસનનું સુરક્ષા કવચ આપવામાં આવી રહયું છે.

કૃષ્ણા પાર્ક સોસાયટી લુણાવાડા ખાતે આરોગ્ય વિભાગ અર્બન હેલ્થ સેન્ટર દ્વારા આ વિસ્તારના લોકોને કોરોના વેકસીન આપી રક્ષિત કરવામાં આવ્યા હતા. ત્યારે ૪૫ વર્ષથી વધુ વયના લાભાર્થીઓને વેકશીનેશન કેમ્પમાં કોવીશિલ્ડ વેક્સીનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. વેકસીન લઈ નંદુબેન દેરાસરીએ સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સરકારે કોરોના મહામારીથી લોકોને બચાવવા માટે વેકસીન આપવામાં આવી રહી છે. લોકોના સ્વાસ્થ્યની ચિંતા કરી આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાની વેકસીન નિઃશુલ્ક આપવામાં આવી રહી છે. મને વેકસીન લીધા બાદ કોઈ પણ પ્રકારની આડઅસર થઈ નથી. વાસુદેવભાઈ દેરાસરીએ જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવતી કોરોના વેકસીન સંપૂર્ણ સલામત અને સુરક્ષિત છે. જેથી લોકોએ કોરોના વેકસીન લેવાનો આગ્રહ રાખી સરકારના વેકસીન ઝુંબેશમાં સહભાગી થવા આહવાન કર્યું હતું. ત્યારે વર્ષાબેન પટેલે સૌને કોરોના વેક્સીન સંપૂર્ણ સલામત અને સુરક્ષિત છે તેમ જણાવી સરકારના રસીકરણ અભિયાનમાં સહકાર આપી પોતે સુરક્ષિત થઈ પરીવારને પણ સુરક્ષિત કરવા અપીલ કરી હતી. સાથે સાથે કોરોનાની રસી મુકાવ્યા પછી પણ અમે માસ્ક પહેરવું, સામાજિક અંતર જાળવવું જેવી આરોગ્ય વિભાગની સુચનાનું ચુસ્ત રીતે પાલન કરવું જોઈએ તેમ જણાવ્યું હતું.

કૃષ્ણાપાર્ક સોસાયટી ખાતે કોરોના વેકસીન અભિયાનમાં આરોગ્ય વિભાગના આયુષ મેડીકલ ઓફિસર ડો.કલ્પેશ સુથાર, ડો. સ્નેહલ તેમજ અર્બન હેલ્થ સેન્ટર લુણાવાડાની આરોગ્ય ટીમ આશાબેન બારોટ, લતાબેન વસૈયા, કલ્પીતાબેન રાવલે ફરજ બજાવી હતી.

# મોરવા હડફ વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી સંદર્ભે શ્રમયોગીઓને સવેતન રજા આપવાની રહેશે

ગોધરા,
આગામી તા. ૧૭ એપ્રીલના રોજ ૧૨૫ મોરવા હડફ (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી યોજાનાર છે. આ સંદર્ભે ગોધરાના મદદનીશ શ્રમ આયુક્તએ એક યાદીમાં જણાવ્યું છે કે, જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એક્ટ-૨૦૧૯ હેઠળ નોંધાયેલા સંસ્થાઓના શ્રમયોગીઓ-કર્મચારીઓ પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ખાસ રજા મંજૂર કરવાની રહેશે. કર્મચારીના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહી. જે કોઈ માલિક જોગવાઈ વિરૂદ્ધનું વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર ઠરશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭,
ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૯-૦૪-૨૦૨૧, શુક્રવાર, ફાગણ વદ-૧૩, સૂર્યોદય-૬-૨૫, સૂર્યાસ્ત-૬-૫૫, જૈન નવકારશી-૮-૧૦,
આજની રાશિ : કુંભ :- (ગ.શ.સ.ષ):, નક્ષત્રઃ પૂર્વાભાદ્રપદ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

# સુરતમાં કોરોના બેકાબુ, ૧૮૦૦ બેડ, ૨૦૦ વેન્ટિલેટર મંગાયા




સુરત,
શહેરમાં કોરોનાની સારવાર માટે રોજ ૩૦૦ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ થઈ રહ્યા છે. કોરોનાનો બીજો તબક્કો ગંભીર તબક્કામાં પ્રવેશ્યો છે, ત્યારે કોરોનાને નાથવા રાજ્ય સરકારે ખાસ સુરત મોકલેલા જીઆઈડીસીના વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેકટર એમ.થૈનારસને જણાવ્યું હતુ કે, કોરોનાની સારવાર માટે ઓક્સિજન સુવિધાથી સજ્જ નવા ૧૮૦૦ બેડ તૈયાર થઈ રહ્યા છે. ખાનગી હોસ્પિટલમાં જે દર્દીઓની હાલત સ્થિર હોય અને ઓક્સિજનની જરૂર નહીં હોય તેમને સમરસ કે કોવિડ કેર સેન્ટરમાં ખસેડી જરૂરતમંદ દર્દીઓને દાખલ કરવામાં આવશે.

એમ.થૈનારસને જણાવ્યું હતું કે ખાનગી હોસ્પિટલના સંચાલકો સાથે બેઠક યોજી તેમની ડિસ્ચાર્જ પોલિસીની સમીક્ષા કરવામાં આવી છે. જે દર્દી રૂમ એર પર એટલે કે ઓક્સિજન સપોર્ટ વગર સારવાર હેઠળ છે તેમને રજા આપી ઓક્સિજનની જરૂર છે તેવા દર્દીઓને દાખલ કરવામાં આવશે. આનો અમલ કરવા માટે પાલિકાની ટીમ ખાનગી હોસ્પિટલની મુલાકાત લેશે. દર્દીઓની સંખ્યાને પહોંચી વળવા માટે નવા ૧૮૦૦થી વધુ બેડ ઊભા થઈ રહ્યા છે. આ તમામ બેડ ઓક્સિજનથી સજ્જ હશે. નવી સિવિલની કિડની હોસ્પિટલમાં ૮૦૦ બેડ તૈયાર થઈ રહ્યા છે.

થૈનારાસને ઉમેર્યુ હતું કે, ભેસ્તાન ખાતે આવેલા રેનબસેરામાં ૨૫૦ ઓક્સિજન બેડનું આયોજન કરવામાં આવ્યું છે. સમરસ ખાતે ૪૫૦ ઓક્સિજન બેડ, અલથાણ વિસ્તારમાં શેલ્ટર હોમમાં ૩૫૦ ઓક્સિજન બેડ કાર્યરત કરવામાં આવશે. સ્મીમેર ખાતે નવા ૧૧૫ બેડ ઊભા કરવામાં આવશે. શહેરમાં ખાનગી અને સરકારી હોસ્પિટલ મળી ૭૫૦ વેન્ટિલેટર ઉપલબ્ધ છે. નવા ૨૦૦વેન્ટિલેટર મંગાવવામાં આવ્યા છે. સ્મીમેરમાં ૧૬૦ વેન્ટિલેટર બેડ વધારીને ૨૬૦ કરવામાં આવશે તથા નવી સિવિલ ખાતે ૩૦૫ વેન્ટિલેટર બેડ ઉપલબ્ધ છે જે વધારવામાં આવશે. એક દિવસ માટે ઓક્સિજનનો પ્રશ્ન સર્જાયો હતો, પરંતુ હવે ઓક્સિજનનો કોઈ પ્રશ્ન નથી. હજીરા અને ઝઘડિયા ખાતેથી ઓક્સિજનનો પૂરતો જથ્થો મળી રહ્યો છે.

આજરોજ શહેરના ૨૨૦ વેક્સિનેશન કેન્દ્રો બંધ રહ્યા હતા, પરંતુ આવતીકાલથી તમામ કેન્દ્રો પર વેક્સિનેશન શરૂ કરવામાં આવશે. શહેરમાં વેક્સિનનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. એમ.થૈનારસને જણાવ્યું હતું કે પાલિકા દ્વારા રોજના એક લાખ વેક્સિનેશનનો ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યો છે. પાલિકા તથા ખાનગી સંસ્થાઓના સહયોગથી આ ટાર્ગેટ હાસિલ કરવામાં આવશે. કોરોનાને નાથવા વેક્સિનેશન એક માત્ર અકસીર ઉપાય હોવાથી ખૂબ ઝડપથી તમામ લોકોને વેક્સિન આપવામાં આવશે.

રાજય સરકારની સૂચના મુજબ પાલિકાએ શહેરમાં પાંચથી દસ બેડ ધરાવતા નિંસંગ હોમને કોરોનાની સારવાર આપવા છૂટ આપી છે. શહેરમાં પાંચથી દસ બેડ ધરાવતા નિંસંગ હોમના સંચાલકો સાથે બેઠક યોજી સૂચના આપવામાં આવી હતી. નિંસંગ હોમમાં કેટલા બેડ છે અને મહત્તમ કેટલાને સારવાર આપી શકાશે તેની વિગત તૈયાર થઈ રહી છે. માઈલ્ડ લક્ષણ ધરાવતા દર્દીઓને નિંસંગ હોમમાં સારવાર આપી શકાશે.

પાલિકાએ ૧૨૦૦થી વધુ કન્ટેન્મેન્ટ ઝોન પાડી લોકોને બહાર નહી નીકળવા તાકીદ કરી છે, પરંતુ કન્ટેન્મેન્ટ ઝોનની બહાર લોકોની અવર જવર ચાલુ હોવાથી દરેક કન્ટેન્મેન્ટ ઝોનમાં પોલીસ મૂકવામાં આવશે. પાલિકા તથા પોલીસ વિભાગ સાથે બેઠક બાદ દરેક જગ્યાએ પોલીસ જવાન મૂકવાનો નિર્ણય લેવાયો છે. ૮ કલાકની ત્રણ શિફટમાં પોલીસ મૂકી લોકોને ફરજિયાત કન્ટેન્મેન્ટ ઝોનની અંદર રહેવા માટે તાકીદ કરાશે. કન્ટેન્મેન્ટ ઝોનની બહાર નીકળનાર સામે પોલીસ ફરિયાદ કરવામાં આવશે.

શહેરની ખાનગી હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓને દાખલ કરવા માટે બેડ ઉપલબ્ધ નથી તેવા સમયે પાલિકાએ ૫૦ ખાનગી હોસ્પિટલ સાથે બેડ રિઝર્વ રાખવા કરાર કર્યા છે. ખાનગી હોસ્પિટલમાં દર્દીઓની ઉઘાડી લૂંટ સહિતની વ્યાપક ફરિયાદ બાદ પાલિકાએ ૫૧ ખાનગી હોસ્પિટલમાં અંદાજે ૧૨૦૦થી વધુ બેડ રિઝર્વ કરવા કરાર કર્યા છે. આ અંગે આજરોજ સુડા ભવન ખાતે પાલિકાના અધિકારીઓ તથા હોસ્પિટલના સંચાલકો સાથે બેઠક યોજાઈ હતી.

## દૈનિક રાશીફળ

તા.૦૯.૦૪.૨૦૨૧ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.) :- જમીન - મકાન વાહનયોગ, આવકનું પ્રમાણ જળવાઈ રહે. ધંધાકીય શુભ સમય રહે.
વૃષભ(બ.વ.ઉ.) :- સટ્ટાકીય બાબતોમાં સંભાળવું વડીલોનું માર્ગદર્શન મળી રહે. માનસિક ચિંતા હલવી બને.
મિથુન(ક.છ.ઘ.) :- વારસાગત મિલકતના પ્રશ્નો ઉકેલાય. કુટુંબ સુક જળવાઈ રહે. માનસિક ચિંતા હળવી.
કર્ક(ડ.હ.) :- નોકરીમાં બદલી-બઢતીની શક્યતા રહે. નાણાંકીય સ્થિતિ મજબૂત બને. આરોગ્ય સુખાકારી સારી રહે.
સિંહ(મ.ટ.) :- પરદેશ સંબંધી શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ. વિવાદો સંબંધી પ્રશ્નો હલ થાય. વારસાગત મિલકતના પ્રશ્નો હલ થાય.
કન્યા(પ.ઠ.ણ.) :- જમીન, વાહન, મકાનના યોગ બને. સમય સુભ ફળદાયી બને. અભ્યાસમાં પ્રગતિ.
તુલા(ર.ત.) :- પરદેશથી સુભ સમાચાર મળે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. આકસ્મિક ધન લાભ થાય.
વૃશ્ચિક(ન.ય.) :- કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. મિત્રોના સહકાર મળી રહે.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- ઈષ્ટદેવની ઉપાસનાથી રાહત થાય. ધાર્મિક પ્રવાસ થાય. કુટુંબસુખ મળે. પરદેશથી શુભ સમાચાર મળે.
મકર(ખ.જ.) :- રાજકીય ક્ષેત્રે જવાબદારીમાં વધારો થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નિવડે.
કુંભ(ગ.શ.સ.) :- નોકરિયાતને ઉપરી અધિકારીનું માર્ગદર્શન મળી રહે. આરોગ્યની સારસંભાળ રાખવી.
મીન(દ.ચ.ઝ.) :- બુદ્ધિ-વિવેકથી કાર્યસિદ્ધ થાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી બને. શેરબજારમાં લાભ થાય.

# રાજકુમાર બેનીવાલે દાહોદ નગરની હોસ્પિટલની મુલાકાત લીધી : વિવિધ સ્ટોક હોલ્ડર સાથે બેઠક યોજી

દાહોદ,

દાહોદમાં વધતા જતાં કોરોના પ્રકોપમાં દર્દીઓને સારી સારવાર મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે ખાસ નિમાયેલા વરિષ્ઠ સનદી અધિકારી રાજકુમાર બેનીવાલે દાહોદ નગરની વિવિધ હોસ્પિટલની મુલાકાતો સાથે તબક્કાવાર વિવિધ સ્ટેક હોલ્ડર સાથે બેઠકો યોજી કેટલીક મહત્વપૂર્ણ બાબતોની જાણકારીની આપલે કરી હતી. હતી.

આજે સાંજના સમયે કલેકટર ઓફિસ ખાતે બેનીવાલે નગરપાલિકા અને જિલ્લા-તાલુકા પંચાયતના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી. તેમાં એવી માહિતી અપાઇ હતી કે, દાહોદમાં હાલમાં ૧૩૧ આઇસીયુ બેડ, ૨૯૩ ઓક્સીજન બેડ અને ૯૩ નોર્મલ બેડ ઉપલબ્ધ છે. આ ઉપરાંત તાલુકા મથકો ઉપર પણ કોવીડ કેર સેન્ટરની વ્યવસ્થા રાખવામાં આવી છે. તાલુકાની સરકારી હોસ્પિટલમાં પણ ૧૦ પથારી ઓક્સીજનની સુવિધા સાથે રાખવામાં આવી છે. ઝાયડ્સ હોસ્પિટલમાં વધુ ૨૫૦ પથારીની વ્યવસ્થા ઓક્સીજનની સુવિધા સાથે કરવામાં આવશે.

દાહોદમાં એક સરકારી અને નવ ખાનગી મળી કુલ દસ દવાખાનામાં હાલની સ્થિતિએ આઇસીયુ ૧૩૧ બેડ પૈકી ૮૯ બેડ ભરાયેલા છે અને ૪૨ ખાલી છે. જ્યારે, ૨૬૬ ઓક્સીજન બેડ પૈકી ૧૨૨ પથારી ભરાયેલી છે. દર્દીઓની યોગ્ય રીતે સારવાર થઇ શકે એવી વ્યવસ્થા છે.

તેમણે આ બેઠકમાં એવું પણ જણાવ્યું કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાલમાં ચાલી રહેલી કોરોના વાયરસની બીજી લહેરમાં ત્રણ બાબતો ઉપર વિશેષ ભાર


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

આપવામાં આવી રહ્યો છે. સર્વેલન્સ, ટેસ્ટિંગ અને આઇસોલેશન, આ ત્રણ બાબતો પરત્વે કામગીરી કરવામાં આવી છે. દાહોદ જિલ્લામાં અત્યારે ૫૫ જેટલી ધન્વંતરિ રથો કાર્યરત કરી દેવામાં આવી રહ્યા છે. એક રથ દ્વારા સરેરાશ ૧૬૦ વ્યક્તિને રોજેરોજ તપાસવામાં આવે છે. તેની સાથે આયુર્વેદિક ઉકાળા અને હોમિયોપેથિક દવાનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે.

જયારે ટેસ્ટિંગની બાબતમાં તેમણે ઉમેર્યું કે, જેમ વધુ વ્યક્તિનું ટેસ્ટિંગ થાય એમ આપણે દર્દીઓના દર્દીઓને ઓળખી શકશું. કેમકે, મોટાભાગના કિસ્સામાં દર્દીઓને કોરોના વાયરસના કોઇ લક્ષણ ના હોવાથી તેમને ખબર પડતી નથી. ટેસ્ટિંગ કરવાથી તેને આઇસોલેટ કરી સમયસર સારવાર કરી શકાય અને તેમને ગંભીર સ્થિતિમાંથી ઉગારી શકાય છે.

- દાહોદમાં કોરોના ટેસ્ટિંગ માટે ઓપન બૂથ ખોલવામાં આવશે, નાગરિકો વિનામૂલ્યે ટેસ્ટિંગ કરાવી શકશે, પ્રતિદિન ચાર હજાર ટેસ્ટિંગ થશે.
- ભીડ થાય એવી પ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ મૂકી દેવાશે, દાહોદમાં વિવિધ સ્થળે ભરાતા હાટ બજારો ઉપર પ્રતિબંધ મૂકતા કલેક્ટર.
- ધન્વંતરિ રથમાં સરેરાશ ૧૬૦ વ્યક્તિની આરોગ્યની તપાસ સાથે આયુર્વેદિક ઉકાળા અને હોમિયોપેથિક દવાનું વિતરણ.

દાહોદ નગર ઉપરાંત જિલ્લામાં ઓપન ટેસ્ટિંગ બૂથ શરૂ કરવામાં આવશે. દાહોદ નગરપાલિકા સૂચવે ત્યાં આવા ટેસ્ટિંગ બૂથ કરવામાં આવશે. જ્યાં નાગરિકો સ્વયં આવી કોરોના વાયરસનું ટેસ્ટિંગ કરાવી શકશે. આ બૂથ આગામી બેત્રણ દિવસોમાં જ શરૂ કરી દેવામાં આવશે. દાહોદમાં પ્રતિદિન ચાર હજાર વ્યક્તિનું કોરોના ટેસ્ટિંગ થાય એવું આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે નગરપાલિકાના પદાધિકારીઓને માસ્કનું વિતરણ વ્યાપકપણે કરવા માટે પણ સૂચન કરતા કહ્યું કે, કોરોના વાયરસને નિયંત્રિત કરવા માટે લોકોનો સહયોગ ખૂબ જ જરૂરી છે. લોકો સહકાર આપે, બીજી લહેર ખતરનાક છે. એસએમએસના નિયમોનું પાલન કરે તે જરૂરી છે.

કલેક્ટર વિજય ખરાડીએ આ બેઠકમાં કહ્યું કે, જ્યાં ભીડ થવાની શક્યતા હોઇ એવી પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. દાહોદ જિલ્લામાં વિવિધ સ્થળોએ ભરાતી હાટ બજારો ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. હવે કોઇ સ્થળે હાટ બજાર ભરી શકાશે નહી. આ ઉપરાંત, માસ્કના પહેરી બહાર નીકળતા લોકોને સામે કાર્યવાહી કરવા માટે પણ ઝૂંબેશ ઉપાડવામાં આવી છે. ખરાડીએ એમ પણ કહ્યું કે, દાહોદ જિલ્લામાં જો કોઇ સ્થળે ખાનગી રીતે વિદ્યાર્થીઓને બોલાવી ટ્યુશન ક્લાસ ચલાવવામાં આવતા હોય તો તેની સામે પણ કાયદાનું શસ્ત્ર ઉગામવામાં આવશે. ટ્યુશન સંચાલકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

દાહોદમાં વેક્સીનેશન માટે વ્યાપક કામગીરી આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. રેડક્રોસ સોસાયટી જેવા અન્ય કોઇ સ્થળે પણ આવુ સેન્ટર શરૂ કરવામાં આવશે.

આ બન્ને વરિષ્ઠ અધિકારીઓએ નાગરિકોને વિનંતી કરી છે કે, કામ પૂરતું જ ઘરની બહાર નીકળવાનું રાખવું પડશે. ઘરની બહાર નીકળતી વખતે માસ્ક અચૂક પહેરીએ. હાથ સેનિટાઇઝ કરતા રહેવું પડશે.

# દે.બારીઆની BOB બેંકના પાંચ કર્મચારીઓ કોરોના પોઝીટીવ

દે.બારીઆ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆની બેન્ક ઓફ બરોડાની શાખામાં કોરોનાનો કેર સામે આવ્યો છે. આ બેન્કમાં એક સાથે પાંચ કર્મચારીઓને કોરોના પોઝીટીવ આવ્યાંની ખબરો સાથે જ બેન્ક આલમ સહિત નગરજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. બીજી તરફ વધુ એક ચોંકાવનારી ખબર સામે આવી છે. જેમાં દાહોદની સ્ટેટ સિંચાઈ વિભાગમાં પણ કોરોનાએ પગપેસારો કરતાં આ વિભાગના ચાર



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

## જયારે દાહોદ સિંચાઈ વિભાગ કચેરીના ૪ કર્મચારી પોઝીટીવ આવતાં ચકચાર

કર્મચારીઓને પણ કોરોના પોઝીટીવ આવતાં કચેરી આલમમાં સ્તબ્ધતા છવાઈ ગઈ હતી.

દાહોદ જિલ્લામાં કોરોના પ્રકોપ દિનપ્રતિદિન વધવા માંડ્યો છે. શાળા, કોલેજ સહિત સરકારી કચેરીઓના કર્મચારીઓ પણ આ કોરોના સંક્રમણની ઝપેટમાં આવ્યાં બાદ મળતી માહિતી પ્રમાણે દેવગઢ બારીઆ નગરમાં આવેલ બેન્ક ઓફ બરોડાની શાખાના એક સાથે ૦૫ કર્મચારીઓના કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યાં છે. આ પાંચ પૈકી ૦૨ ઓફિસર, એક કેશીયર, બે પટાવાળાનો સમાવેશ થાય છે. આ સમાચાર વાયુવેગેરે પંથકમાં ફેલાતાં સૌ કોઈના જીવ તાળવે ચોટ્યાં હતાં અને ખાસ કરીને આ બેન્કના ખાતેદારોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. આરોગ્ય તંત્ર દ્વારા તાત્કાલિક આખી બેન્કમાં સેનેટરાઈઝરીંગ કરવાની કામગીરીનો આરંભ પણ કરી દેવામાં આવ્યો છે.

બીજી તરફ દાહોદની સ્ટેટ સિંચાઈ ભિાગમાં કોરોનાની એન્ટ્રી થતાં આ વિભાગના કાર્યપાલક ઈજનેર સહિત દાહોદ સબ ડિવીઝનના પાટાડુંગરીના સેકશન ઓફિસર, લીમખેડાના સીનીયર કલાર્ક સહિતચાર કર્મચારીઓ કોરોના સંક્રમીત થયાં છે.

દાહોદ નગરપાલિકાના ભુતપુર્વ પ્રમુખ અભિષેક મેડાનો પણ કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં તેઓ સેલ્ફ કવોરેન્ટાઈન થયાં છે અને તેઓના સંપર્કમાં આવેલા લોકો પોતાનો કોરોના ટેસ્ટ કરાવી લે તેવી અપીલ સાથે ભુતપુર્વ પાલિકા પ્રમુખ અભિષેક મેડા દ્વારા સોશીયલ મીડીયમાં મેસેજ કરી અનુરોધ કર્યો છે.

# દાહોદમાં સુજલામ સુફલામ જળ અભિયાનમાં ૩૪૨૮ કામો કરાશે

દાહોદ,

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની પ્રેરણાથી સમગ્ર રાજ્યમાં શરૂ થયેલા સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૨૧ અંતર્ગત દાહોદ જિલ્લાની જળ સંગ્રહ શકિતમાં વધારો થાય એ માટે ૩૪૨૮ કામો કરવાનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે.

વરસાદી પાણીના સંગ્રહ ઉપરાંત નદીઓને જીવિત કરવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલા સુજલામ્ સુફલામ્ જળ અભિયાનથી ખાસ કરીને ખેડૂતોને ફાયદો થયો છે. સમગ્ર દેશમાં ગુજરાતે વરસાદી પાણીના વ્યાપક સંગ્રહ માટે આ



અભિયાન થકી પહેલ કરી છે. તેના પરિણામો પણ સૌની નજર સમક્ષ છે.

કલેક્ટર વિજય ખરાડીએ જણાવ્યું કે, દાહોદ જિલ્લામાં આ ઉનાળામાં જળ સંગ્રહ ક્ષમતાની વૃદ્ધિ માટે ૩૪૨૮ કામો કરવાના છે. આ કામોમાં તળાવો ઉંડા ઉતારાવા, ચેકડેમોમાંથી માટી કાઢવી, નાળા-કેનાલની સફાઇ કરવી, નદીઓની સફાઇ સહિતના કામોનો સમાવેશ થાય છે.

રાજ્ય સિંચાઇ વિભાગ દ્વારા ૧૪૭, પંચાયત સિંચાઇ વિભાગ દ્વારા ૧૮૬, વન વિભાગ દ્વારા ૭૦, વોટર શેડ દ્વારા ૬૧ અને નગરપાલિકાઓ દ્વારા ૪ કામો કરવામાં આવશે. સૌથી વધુ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૨૯૬૦ કામો હાથ ધરવામાં આવશે. મનરેગા હેઠળ આ કામો કરવામાં આવનારા હોવાથી દાહોદમાં લોકોને રોજગારી પણ મળશે.

# દાહોદ ચાકલીયા વિસ્તારમાંથી દેશી બનાવટના કટ્ટા સાથે બાલાવાસાના નાસતા ફરતા વાહનચોરને LCB પોલીસે ઝડપ્યો

દાહોદ,

દાહોદ એલસીબી પોલીસે મધ્યપ્રદેશના બાલાવાસા વાહન ચોર ગેંગના નાસ્તા ફરતા સાગરીતને દાહોદ જિલ્લાના ચાકલીયા વિસ્તારમાંથી દેશી હાથ બનાવટના હથિયારો માઉઝર નંગ-૦૩ કિ.રૂ.૪૫,૦૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો.

દાહોદ જિલ્લાના ગુનાહિત પ્રવૃત્તિઓને ડામવા તેમજ ફરાર આરોપીઓને ઝડપી પાડવા મળેલ સુચનાના આધારે દાહોદ જિલ્લામાં પોલીસે સઘન તપાસ હાથ ધરી છે. ત્યારે ચોરીની ૪ મોટરસાયકલો સાથે મધ્યપ્રદેશના એક મોટરસાયકલ ચોરને દાહોદ એલસીબી પોલીસે ઝડપી લીધા બાદ દેશી હાથ બનાવટની પિસ્તોલ સાથે મધ્યપ્રદેશના જ એક ગેંગના સાગરિતને પણ ઝડપી લેવાયો છે. દાહોદ એલસીબી પોલીસે બાતમીના આધારે જુદી જુદી ટીમો બનાવી દાહોદના છાયણ ચોકડી પાસે વ્યુહાત્મક વોચ ગોઠવી હતી તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલો એક આસામી પસાર થતાં તેને દબોચી લીધો હતો. અને તેની પાસે થેલીમાં સંતાડી રાખેલી દેશી હાથ બનાવટની માઉઝર નં-૩ સાથે ઝડપી લીધી હતી. તેનુ નામ પુછતા પોતાનુ નામ પિતરભાઈ જોગડા પારગી(રહે.બાલાવાસી, સંતુ ફળિયા, તા. થાંદલા, જિ.ઝાબુઆ, મધ્યપ્રદેશ)જણાવ્યુ હતુ. આ ગેંગમાં કુલ પાંચ સદસ્યો છ.જેઓ ભેગા મળી ચોરીના વાહનો વેચવાની પ્રવૃત્તિ કરે છે. આ ગેંગ આંતરરાજય લુંટ, ધાડ વગેરેમાં પણ સંડોવાયેલી હોવાનુ જાણવા મળી રહ્યુ છે. આ પકડાયેલો આરોપી દાહોદ રૂરલ તેમજ સુખસર પોલીસ સ્ટેશનમાં હથિયારની ડીલ કરવાના ગુનામાં નાસ્તો ફરતો હતો. અને ઝાલોદ, લીમખેડા, પંચમહાલ જિલ્લાના કાલોલ તેમજ ગોધરા એ-ડીવીઝન પોલીસ સ્ટેશન તેમજ અમદાવાદ રૂરલ જિલ્લા ધોળકા ટાઉન પોલીસ સ્ટેશનના વાહન ચોરીના મળી કુલ સાત ગુનામાં નાસ્તો ફરતો હતો.

# દે.બારીઆના દેગાવાડા પતિના અન્ય સ્ત્રી સાથેની આડા સંબધોના ત્રાસે પત્ની એ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દે.બારીઆ,

દેવગઢ બારીઆ તાલુકાના દેગાવાડા ગામે પતિના બીજી અન્ય છોકરી સાથે આડા સંબંધની જાણ પત્નિને થતાં આ મામલે પત્નિ દ્વારા પતિને વાત કરતાં પતિ દ્વારા અવાર નવાર મેણા ટોણા મારી, હેરાન પરેશાન કરતાં આવાસ ત્રાસથી વાજ આવી તેમજ પતિનો અન્ય છોકરી સાથે આડા સંબંધ હોવાની વાતને લઈ પત્નિએ સાસરીમાંજ સાડી વડે ઘરમાં ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે. બોઘડવા ગામે પટેલ ચોરા ફળિયામાં રહેતા રમેશભાઈ ગુલાબભાઈ પટેલની છોકરી રિન્કુબેનના લગ્ન દેગાડાવાડા ગામે પાટોડા ફળિયામાં રહેતા વજેસીંગભાઈ બાબુભાઈ બારીયા સાથે કરવામાં આવ્યાં હતાં. પતિ વજેસીંગભાઈ અન્ય છોકરી સાથે આડા સંબંધે ધરાવતાં હોવાની જાણ પત્નિ રિન્કુબેનને થતાં આ મામલે રિન્કુબેને પતિ વજેસીંગભાઈ સાથે વાત કરી હતી. ત્યારે આ મામલે પતિ દ્વારા રિન્કુબેનને અવાર નવાર મેણા ટોણા મારતાં હતાં અને હેરાન પરેશાન કરતાં હતાં. આવા ત્રાસથી વાજ આવી અને પોતાના પતિના અન્ય સ્ત્રી સાથે આડા સંબંધના કારણે રિન્કુબેને ગતરોજ પોતાની સાસરીમાંજ ઘરમાં સાડી વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. રિન્કુબેનના પરિવારમાં પણ માતમ છવાઈ ગયો હતો.

ઉપરોક્ત ઘટના સંદર્ભે રિન્કુબેનના પિતા રમેશભાઈ ગુલાબભાઈ પટેલ દ્વારા દેવગઢ બારીઆ પોલીસ મથકે પોતાના જમાઈ વજેસીંગભાઈ બાબુભાઈ બારીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઝાલોદના ભાવપુરા ગામે સળીયા ભરી જતા ટ્રેક્ટરની પાછળ બાઈક ચાલક ભરાઈ જતાં સળીયા છાતીમાં ઘુસી જતા મોત

દાહોદ,

ઝાલોદ તાલુકાના ભાવપુરા ગામે એક ગમખ્વાર માર્ગ અકસ્મતા સર્જાવા પામ્યો છે. જેમાં એક નંબર વગરના ટ્રેક્ટરના ચાલકે પોતાના કબજાના ટ્રેક્ટરમાં લોખંડના સળીયા ભરી કોઈ નિશાની રાખ્યા વગર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થતાં ઓચિંતી બ્રેક મારતાં પાછળ આવી રહેલ એક મોટરસાઈકલના ચાલક આ લોખંડના સળીયા ભરેલ ટ્રેક્ટરની પાછળ અથડાતાં સળીયા છાતીના ભાગે ઘુસી ગયાં હતાં અને ગંભીર ઈજાઓને પગલે લોહીથી લથબથ હાલતમાં મોટરસાઈકલ ચાલકનું કમકમાટી ભર્યું મોત નીપજતાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી.

ગત તા.૦૬ એપ્રિલના રોજ એક નંબર વગરના ટ્રેક્ટરના ચાલકે પોતાના કબજાના ટ્રેક્ટરમાં લોખંડના સળીયા ઠસોઠસ ભરી લોખંડના સળીયા પર કોઈ નીશાની રાખ્યા વગર પુરઝડપે અને ગફલત ભરી રીતે પોતાના કબજાનું ટ્રેક્ટર હંકારી લઈ ભાવપુરા ગામેથી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન ટ્રેક્ટરની પાછળ જગાભાઈ વાઘજીભાઈ વસૈયા (રહે. હાંડી, તા.ગાંગડતળાઈ, જિ.બાંસવાડા, રાજસ્થાન) આવતાં હતાં. આ દરમ્યાન ટ્રેક્ટરના ચાલકે ઓચિંતી બ્રેક મારતાં જગાભાઈ વાઘજીભાઈ વસૈયા ટ્રેક્ટરની પાછળ ટ્રોલીમાં ભરી રાખેલ લોખંડના સળીયામાં ઘુસી જતાં તેઓને છાતીના ભાગે લોખંડના સળીયા ખુપી ગયાં હતા અને ગંભીર ઈજાઓને પગલે પગલે તેઓનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ સંબંધે રાજસ્થાનના બાંસવાડા જિલ્લામાં હાંડી ગામે રહેતા નગાભાઈ વાઘજીભાઈ વસૈયાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ધાનપુરના રામપુરા હેન્ડપંપ ઉપર ગંદા કપડા ધોવા જેવી બાબતે તકરાર : ચાર ઈસમો દ્વારા મારામારી કરતાં ફરિયાદ

ધાનપુર,

ધાનપુર તાલુકાના રામપુરા ગામે હેન્ડપંપે ગંદા કપડા ધોવાના મામલે થયેલ ઉગ્ર બોલાચાલીમાં ચાર માથાભારે ઈસમોએ ત્રણ જણાને લાકડી વડે, ગડદાપાટ્ટુનો માર મારી તેમજ ઘરના નળીયાની તોડફોડ કરી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. રામપુરા ગામે બેડા ફળિયામાં રહેતા નરપતભાઈ નાથુભાઈ હરીજનના ઘર આગળ આવેલ પાણીના હેન્ડપંપે મહિલાઓના ગંદા કપડા ધોવાની નરપતભાઈએ ના પાડતાં આ અંગેની જાણ ગામમાંજ રહેતા અરવિંદભાઈ સરદારભાઈ હરીજન, પ્રભાતભાઈ સરદારભાઈ હરીજન, રવુભાઈ સરદારભાઈ હરીજન અને સરદારભાઈ ભેમાભાઈ હરીજનને થતાં તેઓ નરપતના ઘરે દોડી આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલવા લાગ્યાં હતાં. આ બાદ ઉશ્કેરાયેલ ઉપરોક્ત ચારેય જણાએ નરપતભાઈ, મુકેશભાઈ અને દેવરાજને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી હતી અને ઘરના નળીયા ઉપર પથ્થર મારો કરતાં નળીયા તોડી નાંખી નુકસાન પણ કર્યું હતું.

આ સંબંધે ઈજાગ્રસ્ત નરપતભાઈ નાથુભાઈ હરીજને ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદના રળીયાતી ગામે પોલીસની ઓળખ આપી બાઈક ચાલક પાસેથી ૧૫ હજાર ભરેલ પર્સ લુંટ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના રળીયાતી ગામે એક ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં એક અજાણ્યા મોટરસાઈકલના ચાલકે પોતાની ઓળખ પોલીસની બતાવી ત્યાંથી પસાર થઈ રહેલ અન્ય એક મોટરસાઈકલના ચાલક પાસેથી રૂા.૧૫,૦૦૦ ભરેલ પર્સની લુંટ ચલાવી નાસી જતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. પોલીસની ઓળખ આપી લુંટારૂઓ અન્ય ઘણા વ્યક્તિઓને પણ પોતાનો શિકાર બનાવ્યાં હોવાની છડેચોક બુમોને પગલે હવે પોલીસે આવા ભેજાબાજોને ઝડપી પાડવા ચક્રોગતિમાન કરવાજ રહ્યાં. લીમખેડા તાલુકાના ઉસરા ગામે પટેલ ફળિયામાં રહેતા કરણભાઈ સુરેશભાઈ મુનીયા ગત તા.૦૧ એપ્રિલના રોજ દાહોદના રળીયાતી ગામેથી પોતાના કબજાની મોટરસાઈકલ લઈ પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન તેઓની પાછળથી એક અજાણ્યો મોટરસાઈકલનો ચાલક આવી કરણભાઈની મોટરસાઈકલને ઓવરટેક મારી કરણભાઈને ઉભા રખાવ્યાં હતાં અને પોતાની ઓળખ પોલીસની આપી કહેલ કે, તારી ગાડીના કાગળો તથા લાયસન્સ બતાવ તેમ કહી પાંચસો રૂપીયાની માંગણી કરી હતી પરંતુ કરણભાઈ આ પાંચસો રૂપીયા આપવા માંગતા ન હોઈ અજાણ્યા મોટરસાઈકલના ચાલકે કરણભાઈ સાથે ઝગડો તકરાર કર્યા બાદ કરણભાઈના ખિસ્સામાં હાથ નાંખી પાકીટ કાઢી લીધુ હતું અને પાકીટમાં રાખેલ રોકડા રૂપીયા ૧૫,૦૦૦ ની લુંટ કરી, તમો પોલીસ સ્ટેશન ચાલો, તેમ કહી મોટરસાઈકલ સ્પીડમાં ભગાવી મુકી નાસી ગયો હતો.

આ સમગ્ર મામલે કરણભાઈએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા મોટરસાઈકલના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં રેમડેસિવર દવાના જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ

દાહોદ,

ઇન્ડિયન મેડિકલ એસોસીએશનના દાહોદ ચેપ્ટરના માદયમથી જિલ્લાની ૭૦ જેટલી હોસ્પિટલના સંચાલક તબીબો સાથે ખાસ અધિકારી રાજકુમાર બેનીવાલ અને કલેક્ટર વિજય ખરાડીએ એક બેઠક યોજી હતી અને તેમાં જરૂર પડે તો આ તબીબોએ પોતાના દવાખાનાઓમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીની સારવાર માટે તૈયાર રહેવા જણાવ્યું હતું. ઉક્ત બેઠકમાં આ બન્ને અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા દાહોદને રેમડેસીવરનો પૂરતો જથ્થો ફાળવવામાં આવ્યો છે. રેમડેસીવર દવા જરૂરતમંદ દર્દીઓને તબીબના નિયત પ્રિસ્ક્રીપ્શન આધારે ફાળવવામાં આવશે.

દાહોદમાં કોરોનાના દર્દીઓને સારવારમાં કોઇ તકલીફના પડે તે માટે ખાનગી હોસ્પિટલને પણ જરૂર પડે ત્યારે જોડવામાં આવશે. આ માટે ખાનગી હોસ્પિટલમાં અત્યારથી જ તૈયારી કરી લે તે ઇષ્ટ છે. તે બેઠકમાં તબીબોમાં તેમના દવાખાનાઓમાં આઇસીયુ અને ઓક્સીજન સુવિધા સાથેના બેડ તૈયાર રાખવા માટેની જાણકારી આપવામાં આવી હતી. તેની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરી રાજ્ય સરકારને મોકલવામાં આવશે. હાલમાં ખાનગી હોસ્પિટલમાં ૧૦૦ જેટલી ઓક્સીજન પથારીની વ્યવસ્થા થઇ શકે એવું આયોજન છે.

ઉપસ્થિત તબીબોને એવું પણ સૂચન કરવામાં આવ્યું કે તેમને ત્યાં આવતા દર્દીઓમાં જો કોરોના વાયરસના કોઇ પણ લક્ષણ જણાઇ તો તુરંત તેનું ટેસ્ટિંગ કરવામાં આવે અને આ માટે ટેસ્ટિંગની કિટ આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવશે.

# ઝાલોદના ૩ ઈસમોના કોર્ટ વોરંટમાં પકડી જતાં પોઝીટીવ : પોલીસ બેડામાં ફફડાટ

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં આજરોજ ૩ ઈસમોને કોર્ટ વોરંટમાં પકડી લઈ જતા પહેલા તેઓના કોરોના રિપોર્ટ કરાવતા ત્રણેયના રિપોર્ટ પોઝિટિવ આવતાં પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. ઝાલોદ તાલુકાના લીમડી પોલીસ દ્વારા કોર્ટ મુદ્દત ની વોરંટ હોય બારીયા સરદારભાઈ જવાભાઈ (રહેવાસી, સુથારવાસા તાલુકો ઝાલોદ), ડામોર નિતેશભાઇ પારસીંગભાઈ (રહેવાસી,તેતરીયા તાલુકો ઝાલોદ) અને મછાર મનીષભાઈ રમસુભાઈ (રહેવાસી,ગામડી તાલુકો ઝાલોદ) આ ત્રણે જણાંને પોલીસે પકડી લાવી કોર્ટમાં હાજર કરતાં પહેલાં તેઓના કોરોના રિપોર્ટ કરાવ્યા હતા. આ ત્રણેયના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યાની ખબરો સાથે જ સ્થાનિક પોલીસ તંત્રમાં ફફડાટ ફેલાયો હતો અને ત્રણે ઈસમોને કોવિડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. ત્યારે ઉપરોકત ત્રણે ઈસમોના સંપર્કમાં આવેલ અન્ય કેટલા પોલીસ કર્મચારીઓ તેમજ કેટલા વ્યક્તિઓ સંક્રમણમાં આવ્યા હશે ? તે કેવું અતિ મુશ્કેલ લાગી રહ્યું છે.

# દાહોદ સ્ટેશન રોડ ભરપોડા સર્કલ પાસે રાહદારીના ગળામાંથી અછોડાની ચીલ ઝડપ થતાં ચકચાર

દાહોદ,

દાહોદ શહેરમાં સતત ધમધમતા એવા સ્ટેશન રોડના ભરપોડા સર્કલ પાસે અને તેમાંય નજીકમાં આવેલ ટાઉન પોલીસ મથકની નજીકમાંથી જ રસ્તે ચાલતા જતાં એક રાહદારીના ગળામાંથી સોનાની ચેઈન ૧૫/૪૧૦ ગ્રામ કિંમત રૂા.૬૦,૦૦૦ ની ઝુંટવી ચોરી કરી લઈ જતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

દાહોદ શહેરમાં છેલ્લા એક અઠવાડિયાથી લુંટ ચલાવતી ટોળકી અને ચેનસ્નેચર ટોળકી સક્રિય થઈ હોવાની છડેચોક ફરિયાદો ઉઠવા પામી છે. ઘણા લોકો સાથે આવી ઘટનાઓ બની છતાંય હાલ સુધી લોકો દ્વારા આ મામલે ફરિયાદ નોંધાવામાં આવી ન હોવાનું પણ કહેવાઈ રહ્યું છે. ત્યારે શહેરમાં ચોવીસે કલાક ધમધમતા એવા સ્ટેશન રોડ ખાતે સમી સાંજ ૪ વાગ્યાના આસપાસ જયન્તકુમાર રજનીકાંન્ત ઉપાધ્યાય (રહે.સંતરામપુર,જિ.મહિસાગર)ના ગત તા.૦૭મી એપ્રિલના રોજ દાહોદ શહેરમાં કોઈ કામ અર્થે આવ્યાં હતા અને શહેરના ભરપોડા સર્કલ પાસેથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન એક કાળા કલરની મોટરસાઈકલ પર સવાર થઈ આવેલા બે અજાણ્યા ચોર ઈસમો મોટરસાઈકલ સાથે જયન્તકુમાર પાસે આવી તેઓ ગળામાં પહેરેલ ૧૫/૪૧૦ ગ્રામની સોનાની ચેઈન કિંમત રૂા.૬૦,૦૦૦ની ઝુંટવી ચોરી કરી લઈ નાસી જતાં વિસ્તારમાં વાયુવેગે આ સમાચાર ફેલાતાં લોકટોળા ઉમટી પડ્યાં હતાં પરંતુ ચોરો ત્યાં સુધી મોટરસાઈકલ ભગાડી ફરાર થઈ જવામાં સફળ રહ્યાં હતાં.

આ સમગ્ર ઘટનાને પગલે જયન્તકુમાર રજનીકાન્તભાઈ ઉપાધ્યાય દ્વારા આ સંબંધે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 192

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણને જોતાં

# ગોધરા સિવિલ હોસ્પિટલની મુલાકાત લેતાં જીલ્લા કોવિડ પ્રભારી રાજેશ માંજુ

- કોરોના સંક્રમણને જોતાં ૪૦ બેડની ઓકિસજન સજજ આઈ.સી.યુ.ને સજજ કરાશે.
- જીલ્લામાં કોરોના દર્દીની સારવાર માટેની સુવિધાઓની સમીક્ષા કરાઈ.
- જીલ્લામાં કોરોના દર્દી માટે તમામ સગવડ હોવાનો દાવો.



ગોધરા,
પંચમહાલ જીલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણના દર્દીઓને લઈ જીલ્લાના કોવિડ-૧૯ના પ્રભારી રાજેશ માંજુ એ ગોધરા સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને કેટલાક મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે.

પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેર ઘાતક બની રહી છે. કોરોનાના બીજા સ્ટેનમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા રોકેટ ગતિથી વધી રહી છે. બીજા સ્ટેનની કોરોના સંક્રમણમાં મૃત્યુ આંક વધી રહ્યો છે. આરોગ્ય વિભાગ તેમજ વહીવટી તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના વધતા જતાં દર્દીઓને જોતાં પંચમહાલ જીલ્લાના કોવિડ પ્રભારી રાજેશ માંજુ ગોધરા ખાતે આવી પહોંચ્યા હતા અને સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. જીલ્લા કોવિડ પ્રભારી દ્વારા કોરોનાના કહેરની સ્થિતી જોતા મહત્વના નિર્ણય લીધા છે. નર્સીંગ કોલેજના ગ્રાઉન્ડ ફલોરમાં ઓકિસજન થી સજજ નવિન ૪૦ બેડ સાથે આઈ.સી.યુ. વોર્ડ ઊભો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જયારે ૨૫૦ બેડ ધરાવતા નર્સીંગ કોલેજમાં ૧૫૦ બેડ ઓકિસજન પોઈન્ટ થી સજજ કરવામાં આવશે સાથે હાલ સિવિલ હોસ્પિટલમાં કાર્યરત ૫૭ બેડ ઓકિસજન થી સજજ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

**સિવિલ હોસ્પિટલમાં હાલ કાર્યરત ૫૭ બેડ ઓકિસજન થી સજજ કરાશે. ગોધરામાં અલ હયાત અને હાલોલના તાજપુરા કોવિડ સેન્ટર ફરી શરૂ કરવાનો નિર્ણય કરાયો.**

હાલોલના તાજપુરા તેમજ ગોધરા અલ હયાત કોવિડ સેન્ટર ફરી શરૂ કરવામાં આવ્યા છે. પંચમહાલ જીલ્લાની તમામ કોવિડ હોસ્પિટલમાં ૫૦ ટકા થી ઓછા કોરોના દર્દીઓ સારવાર હેઠળ હોવાનો તંત્ર એ દાવો કર્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેરમાં જે ગતિથી કોરોના સંક્રમણ વધ્યું છે સાથે કોરોના સંક્રમિત દર્દીઓના મોત થઈ રહ્યા છે. તે વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. જીલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણ જોતા આજરોજ પંચમહાલ જીલ્લા કોવિડ પ્રભારી સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી છે. સાથે જીલ્લામાં કોરોનાના વધતા જતા સંક્રમણમાં દર્દીઓ માટે સુવિધા ઉભી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

### જીલ્લામાં ઓકિસજન અને ઈન્જેકશનની સુવિધા પુરતા પ્રમાણે હોવાનો દાવો

પંચમહાલ જીલ્લાની કોવિડ હોસ્પિટલમાં કોરોના દર્દીઓના ઈલાજ માટે બેડની સુવિધા ઓકિસજન, ઈન્જેકશન સહિતની સુવિધા પુરતા પ્રમાણમાં હોવાનો વહીવટી તંત્ર દ્વારા દાવો કરવામાં આવ્યો છે.

### નર્સીંગ કોલેજના ગ્રાઉન્ડ ફલોરમાં ૪૦ બેડ ધરાવતા ઓકિસજન સજજ ICU વોર્ડ કરાશે

પંચમહાલ જીલ્લાના કોવિડ પ્રભારી રાજેશ માંજુ એ જીલ્લાની સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈને સુવિધાઓની સમીક્ષા કરી હતી. જીલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણને પહોંચી વળવા માટે નર્સીંગ કોલેજના ગ્રાઉન્ડ ફલોરમાં ઓકિસજન થી સજજ નવિન ૪૦ બેડ સાથે આઈ.સી.યુ.વોર્ડ ઉભો કરવાનો નિર્ણય કર્યો.

# પંચમહાલમાં વધુ ૩૨ પોઝીટીવ કેસ : ઓફ ધ રેકોર્ડ ગોધરામાં કોરોનાથી ૬ના મોત





પંચમહાલ સમાચાર

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમા વધારો આરોગ્ય વિભાગ માટે ચિંતાનો વિષય બન્યો છે. જીલ્લામાં આજરોજ ૩૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. તેની સાથે ૧૪ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે.

પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેર ઘાતક અસર પહોંચાડી રહી છે. બીજા સ્ટેનમાં કોરોના સંક્રમણ ફેલાવાની ગતિ વધારે છે. પ્રતિદિન કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધી રહી છે. તેમાં પણ બીજા સ્ટેનના કોરોના સંક્રમણમાં મૃત્યુઆંક પણ અગાઉ કરતાં વધારે જણાય છે. દેશ સહિત રાજયભરમાં હાહાકાર મચાવી દેનાર કોરોનાની બીજી લહેરના સંક્રમણની ચેન તોડવા માટે રાજય સરકાર દ્વારા હાઈકોર્ટના સુચન બાદ રાજયના ૨૦ શહેરોમાં રાત્રી કરફયુ લાગુ કરવામાં આવ્યું છે. પરંતુ આ એક ઘોડા છુટીયા પછી તબેલાને તાળા મારવા જેવું લાગી રહ્યું છે. સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં રાજકીય પાર્ટીઓ જીત મેળવવા માટે લોકોના જીવ સાથે ખેલ ખેલવામાં આવ્યો હોય તેમ સભાઓમાં ભીડ એકઠી કરી પરિણામ સ્વરૂપ કોરોના મહામારી એ માથું ઉંચકીને એવો ઉછાળો માર્યો છે કે, સ્થિતી એક વર્ષ પહેલા કોરોનાની શરૂઆતની સ્થિતી કરતા બીજા સ્ટેનના કોરોનામાં સ્થિતી બખતર બની છે. કોરોના સંક્રમણને અટકાવવા માટે રાજય સરકાર બનતા પ્રયત્નો કરી રહી છે. આરોગ્ય વિભાગ પુરતા પ્રયાસ કરીને કોરોના સંક્રમિત દર્દીઓને સાજા કરવા મહેનત કરે છે. ત્યારે એક સામાન્ય માણસ બનીને કોરોના સંક્રમણ થી બચવા માટે માસ્ક પહેરવા તેમજ સોશ્ચલ ડિસ્ટન્સ જાળવીએ તો કોરોના સંક્રમણ મહદઅંશે ઘટી શકે છે. ત્યારે લોકો દ્વારા કેન્દ્ર સરકાર, રાજય સરકાર, તબીબો, કોરોના વોરીયર્સના પ્રયાસોને બળ મળે તેવા હેતુ સાથે કોરોના સંક્રમણ ઘટાડવા માસ્ક પહેરીએ તે જરૂરી છે.

પંચમહાલ જીલ્લામાં આજરોજ ૩૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જેમાં ગોધરા-૧૧, હાલોલ-૫ તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ગોધરા ગ્રામ્ય-૦૫, ઘોઘંબા-૩, હાલોલ- ૩, કાલોલ-૩ અને મોરવા(હ)-૩ કેસ નોંધાવા પામ્યા છે. કોરોનાની બીજી લહેરમાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ લોકો કોરોના સંક્રમણનો ભોગ બની રહ્યા છે. તે આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર માટે ચિંતાનો વિષય છે. આજરોજ ૧૪ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતાં રજા અપાઈ છે. જયારે હાલ સક્રિય દર્દીની સંખ્યા ૨૭૧ નોંધાવા પામી છે.

**પંચમહાલમાં કોરોનાના કેસ**

| |
|---|
| ગોધરા-૧૧ |
| હાલોલ-૫ |
| ગોધરા ગ્રામ્ય - ૫ |
| ઘોઘંબા - ૩ |
| કાલોલ-૩ |
| હાલોલ-૩ |
| મોરવા(હ)-૩ |
| સક્રિય દર્દીઓ-૨૭૨ |
| રજા અપાઈ-૧૪ |

### ગોધરામાં ૬ જેટલી વ્યકિતના કોરોનામાં મોત

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં કોરોના સંક્રમણે અજગરી ભરડો લીધો છે અને બીજા સ્ટેનના કોરોના ઘાતક અને જીવલેણ સાબિત થઈ રહ્યો છે. જીલ્લા સહિત ગોધરા શહેરમાં પ્રતિદિન કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધી રહી છે. જીલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા કોરોનામાં ગોધરા શહેર કે જીલ્લામાં આજરોજ એક પણ મૃત્યુઆંક ન હોવાનું કાગળ ઉપર દર્શાવવામાં આવ્યું છે. ત્યારે ગોધરા શહેરના હિન્દુ સ્મશાનગૃહ ખાતે મૃતદેહ અંતિમક્રિયા કરતા જોવા મળ્યા આજરોજ સ્મશાન તેમજ કબ્રસ્તાનમાં મૃતદેહને દફનાવાતા જોવા મળ્યા હતાં. જીલ્લા આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્રના કોરોના મહામારીમાં જે રીતે પંચમહાલ જીલ્લા અને ગોધરામાં સબ સલામતના દાવાઓ કરાઈ રહ્યા છે. તેની વચ્ચે ગોધરાની હિન્દુ સ્મશાન ઘાટ તેમજ કબ્રસ્તાન થી સ્થિતી કંઈક અલગ લાગી રહી છે. બીજા સ્ટેનના કોરોના સંક્રમણ જે રીતે ભરડો લઈને જીવલેણ બની રહ્યો છે. ત્યારે લોકો કોરોના અંગે જાગૃતા કેળવીને માસ્કનો ઉપયોગ કરે તે જરૂરી છે.

# કાલોલમાં રેતીના ડંમ્પર રોકતા ખાણ-ખનિજ વિભાગની ગાડી ઉપર પથ્થર મારો



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,
કાલોલ તાલુકાના લાડુપુરા ગામ તરફ જીલ્લા ખાણ-ખનિજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેકટર અને સ્ટાફ સાથે ચેકીંગમાં નિકળેલ હતા. ત્યારે રેતી ભરીને પસાર થતાં વાહનોનો પીછો કરીને વાહન ને ઝડપી પાડવાનો પ્રયાસ કર્યો હતો. રેતી રસ્તા વચ્ચે ખાલી કરી દઈને સરકારી ગાડી ઉપર પથ્થર મારો કરી ૧ લાખ રૂપીયાનું નુકશાન કરેલ છે. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે પંચમહાલ જીલ્લા ગોધરા ખાણ-ખનિજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેકટર અને સ્ટાફના કર્મચારીઓ સાથે કાલોલ તાલુકાના લાડુપુરા તરફ ચેકીંગમાં નિકળેલ હતા. ત્યારે વાહન નં. જીજે.૧૭.યુયુ.૮૨૪૪ માં સાદી રેતી ૨૫ મેટ્રીક ટન ભરીને પસાર થતા હોય જેનો ખાણ-ખનિજ વિભાગના કર્મચારી એ પીછો કરી રોકવા પ્રયાસ કર્યો હતો. ત્યારે વાહન ભગાડી આગળ થોડે દુર જઈને રેતી રોડ ઉપર ખાલી ઢગલો કરી દીધેલ જેથી સરકારી વાહન આગળ જઈ શકે નહિ અને સરકારી વાહનને કિલનરે કાચ ઉપર પથ્થર મારી નાશવા લાગેલ હતો. સરકારી ગાડી થી પીછો કરતાં વેગનાર ગાડી નં.જીજે.૦૭.ડીડી.૪૪૨૫ રોડ ઉપર આડી કરીને સરકારી વાહન ઉપર હુમલો કરનાર વાહનને ભગાડી લઈ જવામાં મદદગારી કરી હતી. સરકારી વાહન અંદાજીત ૧,૫૦,૦૦૦/-રૂપીયાનું નુકશાન કરતાં આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.




તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

**કાલોલ MGVCL ના કોટ પાસેથી પસાર થતી ઊભરાતી ગટરોની સફાઈ કામગીરી કરવામાં આવી. કાલોલ નગરમાં આવેલ MGVCL નાં કોટની પાસેથી પસાર થતા કાલોલ-હાલોલ રોડ પાસેથી પસાર થતી ગટર લાઈન સાફસફાઈ ન થતાં ગટર ઉભરાઈ આવી હતી. કોરોના પરીસ્થીતી અને લોક વાંચાને ધ્યાનમાં રાખીને પંચમહાલ સમાચાર દૈનિક સમાચાર પત્રમાં અહેવાલો પ્રકાશિત થતાં સફાળું બનેલ LNT વિભાગ દ્વારા તેમની ટીમ મોકલી JCG અને ટ્રેકટર વડે ગટરમાં આડ ઊભી કરતો ગંદકી નો કચરો દુર કરી ગટરો ની સાફ-સફાઈ કરવામાં આવી હતી. જોકે દુર્ગંધ મારતી ગટરોની સફાઈ થતાં નજીકના વેપારીઓ અને ત્યાંથી પસાર થતા રાહદારીઓ આનંદનો શ્વાસ લીધો હતો.**

### મોરવા(હ)ના ખાબડા ગામે મહિલા સાથે દુષ્કર્મ આચરનાર આરોપી એ કુવામાં ઝંપલાવી મોતને વ્હાલું કરી લેતાં ચકચાર

મોરવા(હ),
મોરવા(હ) તાલુકાના ખાબડા ગામે રાત્રીના સમયે પોતાના ઘરના ધાબા ઉપર સુવા માટે ગયેલ મહિલાની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરવામાં આવતાં આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી હતી. તેવા આરોપી એ ફરિયાદી મહિલાના ઘર પાછળ આવેલ કુવામાં ઝંપલાવીને આપઘાત કરીને મોતને વ્હાલું કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. પ્રાપ્ત મુજબ મોરવા(હ) તાલુકાના ખાબડા ગામે રહેતી મહિલાના પતિ ઘરે થી મરણ પ્રસંગ માટે બહાર ગામ હતા. ત્યારે રાત્રીના સમયે મહિલા પોતાના ઘરના ધાબા ઉપર સુવા ગયેલ હતી. તે દરમ્યાન મહિલાના કુટુંબી દિયર થતા શૈલેષભાઈ રમણભાઈ પટેલ મહિલાના ધાબાની ગેલેરીમાં ઉભો હતો. તેણે મહિલા કઈ સમજે તે પહેલા મહિલાને પકડી પાડી હતી. બુમો પાડે તે પહેલા ઝાપટ મારી નીચે પાડી દીધી હતી અને મહિલાની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી હતી. આરોપીને ઝડપે તે પહેલા આજરોજ મહિલા સાથે દુષ્કર્મ આચરનાર શૈલેષભાઈ પટેલ એ સામાજીક ઈજજત બચાવવા માટે આજરોજ દુષ્કર્મનો ભોગ બનેલ મહિલાના ઘર પાછળ આવેલ કુવામાં ઝંપલાવીને આપઘાત કરી જીવન ટુંકાવી લેતા ચકચાર મચી જવા પામી છે.

### શહેરા પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા માસ્કનું વિતરણ કરાયું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરામાં પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા વિનામૂલ્યે માસ્ક વિતરણ કરવામાં આવ્યું છે. નગર વિસ્તારમાં આવેલા મુખ્ય બજારો તેમજ બસ સ્ટેશન પાસે અંદાજીત ૨૦૦૦ જેટલા માસ્કનું વિતરણ કરીને લોકોને કોરોના પ્રત્યે સંજ્ઞાન આપ્યુ.

સમગ્ર ભારતમાં કોરોના મહામારીની બીજી લહેર ઘાતક સાબિત થઈ રહી છે અને નવા સ્ટ્રેઈન મુજબ ૪૫ વર્ષથી ઓછી વયના લોકો અને નાના બાળકો વધારે સંક્રમીત થઈ રહયા હોવાના કિસ્સા જોવા મળી રહયા છે. ત્યારે શહેરા પોલીસ મથકના ઈન્ચાર્જ પી.આઈ નંદલાલ પ્રજાપતિ,પો.સ.ઈ લકી પટેલ, નીલમ ઢોડિયા તેમજ પોલીસ કર્મીઓ સાથે મામલતદાર મેહુલ ભરવાડ તેમજ અન્ય વહીવટી વિભાગના કર્મચારીઓને સાથે રાખી નગર વિસ્તાર તથા બસ મથક વિસ્તારમાં માસ્કનુ વિતરણનું સંયુક્ત અભિયાન હાથ ધર્યું હતું. જે પણ કોઈ લોકો માસ્ક વગર નજરે પડયા હતા તેઓને માસ્ક આપી કોરોના મહામારીની ભયાનકતા અને તેનાથી શુ થઈ શકે તે બાબત થી અવગત કરાવ્યા હતા. નોંધનીય છે કે આવનાર દિવસોમાં કોરોનાની મહામારી ગંભીર રૂપ ધારણ કરવાની શકયતાને લઈને પોલીસતંત્ર,વહીવટી તંત્ર તેમજ આરોગ્ય વિભાગ અત્યારથીજ કોરોના સંક્રમણ ને વધતો અટકાવવાના તમામ પ્રયાસો હાથ ધરાઈ રહયા છે. આરોગ્ય વિભાગ પણ કોરોનાના પોઝિટિવ દર્દીના વિસ્તારમાં પહોચી જઈને આ વિસ્તારમાં કોરોના અંગેની જાગૃતા લાવીને જરૂરી કાર્યવાહી કરે તે પણ હાલની પરિસ્થિતિ ને જોતા અત્યંત જરૂરી બન્યુ છે.

### ઘોઘંબાની તરીયાવેરી ગામે પતિએ પત્નીને ગળે ફાંસો આપી હત્યા કરતાં ફરિયાદ



ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના તરીયાવેરી ગામે રહેતા ઈસમે બીજી પત્ની લાવવા માટે પોતાની પત્ની ઉપર આડા સંબંધનો મોટો આક્ષેપ મૂકી મારઝૂડ કરી ત્રાસ આપતા હોય અને માસુમ દિકરીનો વિચાર કર્યા વગર ઈસમે પત્નીને ગળે ફાંસો આપી હત્યા કરી નાખતા રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના તરીયાવેરી ગામે રહેતા ગોરધનભાઈ ધનજીભાઈ રાઠવાના લગ્ન છ વર્ષ અગાઉ મોટી ઉભટવાણ ગામે રહેતી મંજુલાબેન સાથે કુલહાર લગ્ન કરેલ હતા. જેને સંતાનમાં પાંચ વર્ષની દિકરી હતી. સંસાર પણ સુખે થી ચાલતો હતો. ગોરધનભાઈ દુકાન ચલાવતા હોય સારી ચાલતી હોવાથી બીજી પત્ની લાવવી હતી અને પત્ની મંજુલાબેનને છુટાછેડા આપવા હતા. જેને લઈ ગોરધનભાઈ દ્વારા પત્ની મંજુલાબેન ઉપર આડા સંબંધોનો ખોટો આરોપ મુકયો હતો. અને મંજુલાબેન ત્રણવાર પિયરમાં મુકી આવ્યો હતો. મંજુલાબેન એ પોતાની પિતાના પતિ દ્વારા ખોટા સંબંધોની આડા મૂકી મારમારવામાં આવે તેમ જણાવ્યું હતું અને મારે છોકરી મૂકીને બીજુ ઘર કરવું નથી. તેમ કહેતા સામાજીક રીતે પંચની હાજરીમાં મંજુલાબેનને સાસરીમાં મોકલી આપી હતી.મંજુલાબેન સાસરીમાં મોકલ્યાને ૨૪ કલાકના સમયની અંદર ગોરધન પત્ની મંજુલાબેન ખાટલામાં સુતેલ હતી. ત્યારે પોતાની માસુમ દિકરીની ચિંતા કર્યા વગર દોરડી વડે મંજુલાબેનને ગળે ફાંસો આપીને ખૂન કરી નાખેલ હોય આ બાબતે રાજગઢ પોલીસે હત્યારા પતિને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી.

### પંચમહાલ જિલ્લામાં હાઈ રીઝોલ્યુશન સીટીસ્કેન ઓફ ચેસ્ટ (HRCT)ના મહત્તમ દર રૂ.૨૫૦૦/- રહેશે

ગોધરા,
પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણની વધેલી સ્થિતિને ધ્યાનમાં રાખીને કલેક્ટર અમિત અરોરાએ જિલ્લામાં હાઈ રીઝોલ્યુશન સીટીસ્કેન ઓફ ચેસ્ટ (HRCT)ના મહત્તમ દર રૂ.૨૫૦૦/- ઠરાવતો જાહેર હુકમ કર્યો છે. હવે જિલ્લાના તમામ ખાનગી/ટ્રસ્ટની હોસ્પિટલો, રેડિયોલોજી ડાયગ્નોસ્ટિક સેન્ટરો હાઈ રેઝોલ્યુશન સીટીસ્કેન ઓફ ચેસ્ટ (HRCT) માટે રૂ. ૨૫૦૦/- થી વધુ કિંમત લઈ શકશે નહીં. કોરોના કેસોની વધતી જતી સંખ્યાને ધ્યાનમાં રાખીને સરકારી હોસ્પિટલમાં અન્ય પ્રોસીજર માટે અનામત રખાયેલ સીટી સ્કેન મશીનો પણ ઉપલબ્ધ કરાવાઈ રહ્યા છે. ત્યારે ખાનગી કેન્દ્રો ખાતે પણ HRCTના દરો નિયંત્રિત કરવાની જરૂર જણાતા જિલ્લા કલેક્ટરએ એપિડેમિક ડિસીઝ એક્ટ, ૧૮૯૭ અંતર્ગત મળેલી સત્તાની રૂએ આ હુકમ કર્યો છે. ૩૧ મે, ૨૦૨૧ સુધી આ સિલિંગ રેટ લાગુ રહેશે. જિલ્લામાં આવેલા કોઈપણ રેડિયોલોજી/ડાયગ્નોસ્ટિક સેન્ટર કે હોસ્પિટલ આ દર કરતા વધુ ચાર્જ લઈ શકશે નહી. આ ઉપરાંત આ દરોમાં ઈમરજન્સી ચાર્જ સહિતના અન્ય કોઈ ચાર્જ લગાડી શકાશે નહીં. કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા આ નિયંત્રણ કે તેની કોઈ પણ જોગવાઈનો ભંગ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૧૮૮ અંતર્ગત સજાને પાત્ર થશે.

### કાલોલના વેજલપુર ગામે તળાવમાં અસ્થિર મગજની મહિલાનું ડુબી જતાં મોત



કાલોલ,
કાલોલ તાલુકાના વેજલપુર ગામે આવેલ મહિસાગર તળાવમાં અસ્થિર મગજની મહિલા તળાવમાં ડુબી જવાથી મોત થવા પામ્યું. પ્રાપ્ત વિગતો પ્રમાણે વેજલપુર ગામે આવેલ મહિસાગર તળાવમાં અસ્થિર મગજની મહિલા તળાવમાં પડવાથી પાણીમાં ડુબીસ જવાથી મોત થવા પામ્યું હતું. પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને તલાટીની હાજરીમા પંચક્યાસ કરી મહિલાનો મૃતદેહ બહાર કાઢીને પીએમ અર્થે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ઘોઘંબાના યુવા નાગરિકો દ્વારા વિવિધ સરકારી કચેરીઓમાં ઉકાળાનું વિતરણ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
છેલ્લા એક વર્ષથી વિશ્વ આખામાં મહામારીના સ્વરૂપે માનવજીવનમાં કાળો કેર વર્તાવી રહ્યો છે. એવો મહા રાક્ષસ કોરોના હજુ પણ અટકવાનું નામ લેતો નથી. હજારો લોકોના જેના દ્વારા જીવ ગુમાવવાનો વખત આવ્યો છે. તઆવા કપરા સમયમાં ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ વાત બની ગઈ છે. ત્યારે ઘોઘંબા ગામના ધવલ પંડિત દ્વારા ઘોઘંબા તાલુકા મથકે આવેલ રેફરલ હોસ્પિટલમાં સરકારી સ્ટાફ અને દર્દીઓને, તાલુકા પંચાયત કચેરીનો સરકારી સ્ટાફ અને આવેલા અરજદારોને, મામલતદાર કચેરીનો સરકારી સ્ટાફ અને આવેલા અરજદારોને, ગુજરાત વિદ્યુત બોર્ડ ની કચેરી ઘોઘંબાના સરકારી કર્મચારીઓ તથા આવેલા અરજદારોને આમ દરેક વ્યકિતની ચિંતા કરી તેઓ દ્વારા તાલુકામાં લોકોનું સ્વાસ્થ્ય ખૂબ સારૂ બની રહે તે માટે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરેલ છે. ખરેખર ધવલભાઈ પંડિત જેવા યુવા નાગરિકોને વંદન કરવા ઘટે કે આજે લોકો પોતાની જાતને જ સાચવે છે પરંતુ તેઓ તો જગતની ચિંતા કરતા હોય તેમ તાલુકાની સરકારી કચેરીઓ તેમ જ આમ જનતાને આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરી ઉત્તમ કાર્ય કરી રહ્યા છે. સાથે સાથે તેઓ દ્વારા લોકોમાં જાગૃતિ સ્વરૂપે જણાવવામાં આવ્યું હતું કે હાલમાં માસ્ક બાંધવો જરૂરી છે, કામ વગર બહાર ફરવા નીકળવું તે પણ બિનજરૂરી છે અને કોરોના સંક્રમણથી બચવા માટે જાહેર જગ્યાઓ એકઠા થવું પણ બિનજરૂરી છે.

આવા યુવા નાગરિકો દ્વારા કટોકટીના વખતે ખરેખર સમાજમાં કરવામાં આવતી સેવાઓ પ્રશંસનીય અને આવકાર દાયક બની રહી છે. સમગ્ર આમ જનતા આવા ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ અભિનંદન પાઠવે છે.